

# અધ્યાત્મ

વર્ષ : ૧૫ જાન્યુઆરી–૧૯૯૪ અંક : ૪

## * પ્રાણના પ્રકાર *

'પ્રાણ આત્મામાંથી જન્મે છે. મનુષ્યની છાયા જેમ મનુષ્ય પર આધાર રાખે છે તેમ પ્રાણ એ આત્માને આધારે જ રહેલો છે. મન જે સંકલ્પ કે કામના કરે છે તેને લીધે જ પ્રાણ શરીરમાં પ્રવેશ કરે છે. મોટો રાજા પોતાના હાથ નીચેના અધિકારીઓને જુદાંજુદાં ગામો પર તેમનો અધિકાર નક્કી કરીને નીમે છે, તેમ પ્રાણ બીજા પ્રાણોને જુદાંજુદાં કાર્યોમાં જુદી જુદી જગાએ નિયુક્ત કરે છે. ગુદા ને ગુહ્યેન્દ્રિયમાં અપાનને નીમે છે; આંખ, કાન, મુખ ને નાકમાં પ્રાણ પોતે જ રહે છે; પ્રાણ ને અપાનની વચ્ચે સમાન નામનો પ્રાણ રહે છે. તે ખાધેલા અન્નને સરખી રીતે લઈ જાય છે. આત્મા સૌના હૃદયમાં રહેલો છે. તે હૃદયમાં એકસો એક નાડીઓ છે. તે દરેકની સો સો શાખાઓ છે એટલે કે શાખાનાડી છે. તેમની વળી દરેકની બોંતેર હજાર પ્રતિશાખાઓ છે. એ બધી નાડીઓમાં વ્યાન નામનો પ્રાણ રહેલો છે. તે ઉપરાંત સુષુમ્ણા નામની એક નાડી છે. તેમાં ઉદાન નામે પ્રાણ છે. તે પ્રાણનું કામ દરેક જીવને પુણ્યના પ્રભાવથી પુણ્યશાળી લોકમાં ને પાપને પ્રતાપે પાપીના લોકમાં લઈ જવાનું છે. પાપ ને પુણ્ય બંનેનો સમાન પ્રભાવ હોય તો તે જીવને મનુષ્યલોકમાં લઈ જાય છે.'

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫–૦૦

વિદેશમાં રૂ. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| સંસ્કાર વાટિકાનું સુગંધિત સુમન | ગોરધનભાઈ કલોલા (કલ્યાણ) | ૧૬ |
| મારી ભીતર | ડૉ. રણજિત પટેલ | ૨૮ |
| પ્રભુકૃપાના અનહદ અનુભવો | નારાયણ હ. જાની | ૨૯ |
| પરદોષ–દર્શન | ધીરજ મોઘરિયા | ૩૬ |
| નારદમુનિએ દર્શાવેલ ભક્તિયોગ | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૪૦ |
| શિક્ષણમાં યોગનું મહત્ત્વ | કમલ સુથાર | ૪૬ |
| પ્રેરક પ્રસંગો | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૯ |


O



# અધ્યાત્મ


વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૫ જાન્યુઆરી–૧૯૯૪ અંક : ૪


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૫–૩–૮૧, ગુરુવાર, મહા વદ ચૌદશ, ૨૦૩૭, સ્થળ : મોરબી.**

સવારે ઉઠીને પૂ. શ્રી બ્રશ કરી દીર્ઘશંકાનું કાર્ય પતાવી પોતે દાઢી કરવા ઊભા છે. પોતાની સુટકેશ ઉપર અરીસો મૂકી દાઢી કરે છે. તે દરમ્યાન સર્વેશ્વરી શીર્ષાસન કરે છે. પૂ. શ્રી સૂચન કરે છે : "બસ, આટલું શીર્ષાસન જેથી શીર્ષાસન પૂરું કરી પૂ. શ્રી ઉભા છે તેમની પાસે બીજો પલંગ જે સર્વેશ્વરીનો છે તેના ઉપર સર્વેશ્વરી આરામ કરે છે."

ત્યાં તો પૂ. શ્રી કાવ્યની શૈલીમાં સર્વેશ્વરી સાથે તાલબદ્ધ રીતે વાતો શરૂ કરે છે. ખૂબ સરસ રીતે જુદી જુદી વાતો કાવ્યમાં કરે છે. સર્વેશ્વરી હસે છે.

પેટ સાફ થાય પછી જ વ્યાયામ કરવો જરૂરી છે એ અંગે માર્ગદર્શન આપતાં પૂ. શ્રી ગાય છે (દાઢી કરવાનું કાર્ય ચાલુ છે.)

અરે તમે પાણી ખૂબ પીઓ ભાઈ,
તો સવારે સંડાસ થાયે ભાઈ.
સંડાસ વિના વ્યાયામ નહીં કરવો ભાઈ.

(પોતાને સંડાસ કેટલીવાર જવું પડે છે, તેની વાતો કરતાં ગાય છે.)

અમે પણ બેવાર જતા ભાઈ
સવારે તારા હોય ત્યારે ભાઈ
વળી સમી સાંજે ભાઈ
પણ ગયા હિમાલય માંહી
ઉપવાસો કીધા ભાઈ

(ઉપવાસો કરતાં પેટ બગડયું છે, તેની વાતો કરતાં ગાય છે.)

ઉપવાસો કઠોર હતા ભાઈ
વિધિસર ઉપવાસો ન હતા ભાઈ
સંતરા મોસંબી રસ નાહી,
સીધી ખીચડી ઉપર જતા ભાઈ,
હવે એની અસર જણાયે ભાઈ,
હવે ચાર વાર જવું પડે ભાઈ,
કોઈવાર પાંચવાર પણ થઈ જાયે ભાઈ.

આવી કાવ્યમય વાતોથી સર્વેશ્વરી હસે છે. માટે પૂ. શ્રી કહે છે.

તમે તો પાછળથી આવેલાં ભાઈ
તમે જેને કહો છો ભગવંત ભાઈ



તે તો પાણી પર તપતા ભાઈ
સાંભળો તમે સર્વેશ્વરી માઈ
કહે દેવર્ષિ નારદ ભાઈ
તમે હસવામાં શું કાઢો છો ભાઈ?

આજે તો પ્રભાતના પ્રથમ પ્રહરમાં જ પૂ. શ્રીની રમુજી કાવ્યમય જ્ઞાનસભર વાણી સાંભળવામાં ખૂબ આનંદ આવ્યો.

દાઢીનું કાર્ય ત્યાં સુધીમાં પૂરું કર્યું, પછી સ્નાન, નિયમિત વ્યાયામ, દૂધ લીધું, કાવ્યોનું લેખન કર્યું. પોણા અગિયાર સુધી લેખનનો ક્રમ ચાલ્યો. ત્યારબાદ સાંઈબાબાની સ્તુતિ–દર ગુરુવારે બોલવાની હોય છે તે બોલ્યા. ત્યારબાદ માળા લઈ પૂ. શ્રી પલંગ પર બેઠા છે. ત્યાં તો સાડા અગિયાર થઈ ગયા. પૂ. શ્રી બહાર આવે છે.

આજે ખાસ મુલાકાતીઓ નથી. શ્રી કલ્યાણને પૂ. શ્રી થોડા પત્રોના જવાબ લખાવે છે. તે પહેલાં પૂ. શ્રી ભોજન લે છે. ભોજનમાં ખીચડી, શાક, શીરો વગેરે લે છે.

બરાબર બે વાગ્યે સૌ વિદાય થાય છે. પૂ. શ્રી થોડો આરામ કરવા પંખાની નીચેની ગાદી પર સુતા છે. ચાર વાગ્યે ફરી ઉઠી લેખનકાર્યમાં મગ્ન બની જાય છે. છ વાગ્યા પહેલાં તૈયાર થઈને, (લુંગી જેવો ખાદીનો કટકો વીંટાળેલો હોય છે તેને બદલે ધોતીયું પહેરવું–મોં ધોવું–વાળ વ્યવસ્થિત કરવા) પ્રાર્થના માટે પલંગ ઉપર બેસે છે. પ્રાર્થના પૂરી કરી પૂ. શ્રી બહાર આવે છે. ત્યારે ઘડિયાળમાં સવા છ થઈ ગયા છે.

બહાર 'ૐ નમઃ શિવાય'ની ધૂન શરૂ થઈ છે. ૫૦ જેટલા ભાઈબેનો બેઠા છે. પૂ. શ્રી પોતાની બેઠક લે છે. પૂ. શ્રીની પાછળ

એક લાલરંગનો પડદો છે જેમાં ભારતના મહાન સં શ્રી યોગેશ્વરજીનું અમે હાર્દિક સ્વાગત કરીએ છીએ. વિ. સુંદર અક્ષરો વંચાઇ રહ્યા છે. વિશેષ વ્યક્તિ તરીકે પૂ. શ્રી બેઠક ઉપર બેસી શોભા વધારી રહ્યા છે.

એક સાધુપુરુષ જેવા પુરુષ સુંદર ધૂન બોલાવે છે, જેમાં પૂ. શ્રી આંગળીથી તાલ આપે છે. ધૂનમાં શ્રીકૃષ્ણના જીવનનો પ્રસંગ વણાયેલો છે. બીજી ધૂનમાં શિવશંકરનું જીવન વણાયેલું છે. ધૂન પૂરી થઇ.

પૂ. શ્રી:સરસ ગાયું. ભાવમય સરસ ગાયું. ફરી સાંભળવું છે?

પૂ. શ્રીના શબ્દો સાંભળી શ્રીહરિએ માર્ગ કાઢયો કે એ સાધુપુરુષ વિશ્રામ લઇ લે એટલે એક બેન એક ભજન ગાશે અને શ્રી ચારુબેન (જેઓ પૂ. શ્રીનું ભોજન તૈયાર કરવાની સેવા આપે છે) એક ભજન સંભળાવે છે. ત્યારબાદ ફરીથી સાધુપુરુષના શ્રીમુખે એક ભજન સાંભળવાનું મળે છે:

'આવત મેરી ગલીયન મેં ગોપાલ.'

સાધુપુરુષ જેવા ભાઇ જડેશ્વર મંદિરના પૂજારી હતા. ભજન પછી પ્રશ્નોત્તરી શરૂ થાય છે. સાત વાગી ગયા છે. શ્રોતાઓની સંખ્યા ઘણી ઘણી વધી છે. શ્રીહરિ શ્રોતાઓ તરફથી આવેલા લેખિત પ્રશ્નો વાંચે છે.

**પ્રશ્ન :** ઋણાનુબંધ એટલે શું? ઋણાનુબંધમાંથી કેવી રીતે મુક્ત થવાય?

**પૂ. શ્રી :** ઋણાનુબંધ એ બે શબ્દોનો બનેલો એક સમાસ છે. ઋણ અને અનુબંધ. ઋણ=દેવું અને અનુબંધ=બંધન. દેવું હોય તેનું બંધન. જે કર્મોએ હજી ફળ આપ્યું નથી તે કર્મોનું બંધન



તે ઋણાનુબંધ. જે કર્મો કરીને આવ્યા તેને ભોગવવા આપણે જન્મ લીધો.

હવે ઋણાનુબંધમાંથી મુક્ત કેવી રીતે થવાય? જે જે કર્મો કરીએ તે તે કર્મો આસક્તિરહિત, કર્તવ્યભાવે, રાગદ્વેષરહિત, બદલાની ભાવના વિના કરીએ તો તે તે કર્મોનાં બંધન આપણને લાગતા નથી. કર્મ કરીએ પણ કર્મની અસરથી મુક્ત રહીએ.

બીજો માર્ગ છે શરણાગતિનો, કર્મના અધિષ્ઠાતા–પ્રભુનો આધાર લેવાથી કર્મબંધનમાંથી મુક્ત થવાય છે. ભગવાનની ભક્તિને–ભગવાનની પ્રીતિથી લેવાયેલું શરણ ઋણાનુબંધમાંથી મુક્તિ આપી શકે છે.

પ્રશ્ન પૂછનારને ઋણાનુબંધમાંથી છૂટવું હોય તો આ બધા રસ્તા છે.

**પ્રશ્ન :** કાળા બજારિયાને ત્યાં જે નોકરી કરે તેને પણ દોષ લાગે?

**પૂ. શ્રી :** અરે ભાઇ, એકવાર સંતશિરોમણિ નારદજી ભગવનનામનું સંકીર્તન કરતાં કરતાં જંગલમાંથી ચાલ્યા જાય છે.

શ્રીમન્ નારાયણ નારાયણ નારાયણ
(સૌ ધૂન ઝીલે છે.)
શ્રીમન્ નારાયણ ભવ તારાયણ.
એય બાવા ઊભો રહે.

(ચાલુ ધૂને પૂ. શ્રી નાટકમાં અભિનય આપતા હોય તેમ મોટેથી બોલી ઉઠે છે. સૌની ધૂન અટકી જાય છે.)

એય બાવા ક્યાં જાય છે? રેશમી–કપડાં પહેરીને ભગવાનનું નામ લે છે. ઉતાર કપડાં–ગળામાંથી માળા કાઢ.

પણ વાત શી છે?

નારદજીની અને લૂંટારાની વાત નાટકીય ઢબે પૂ. શ્રી રજુ કરે છે. અંતે નારદજીને લૂંટારો પોતાના ફાળિયાથી બાંધે છે. એની વાત કરતાં પૂ. શ્રી આગળ કહે છે.

નારદજીને ફાળિયાથી બાંધ્યા. ફાળિયાથી ઘણાં કામો થાય. માથે બાંધવામાં, કુવાનું પાણી કાઢવામાં, ખૂબ મચ્છર હોય તો ઓઢવામાં, ગંધાતા ગાદલાં હોય તો ચાદર તરીકે પાથરવામાં, ધોતીયું કે લૂંગી તરીકે શરીરે વીંટવામાં.

પણ હવે ફાળિયાં અદૃશ્ય થઇ ગયાં. તેને બદલે ટોપીઓ આવી છે. પણ ટોપીથી કંઇ પાણી કઢાય? ટોપી કંઇ શરીરે વીંટાય? આનો અર્થ એ નથી કે હું ફાળિયાની ભલામણ કરું છું. હું તો ફાળિયાના ગુણ બતાવું છું.

લૂંટારાએ ઘરે જઇને પૂછ્યું તો કોઇ પાપમાં ભાગીદાર ન થયું.

શ્રીમન્ નારાયણ શ્રીમન્ નારાયણ.
(ધૂન સૌ ઝીલે છે.)

તમારા પ્રશ્નનો જવાબ મળ્યો? એક માણસ કાળા બજારિયાને ત્યાં નોકરી કરે છે તે પોતે મહેનત કરે છે. બદલામાં તેને પગાર મળે છે. નોકરી કરનાર કાંઇ કાળુ નાણુ કમાવવામાં કે ચોપડા લખવામાં મદદ કરે છે? ના! તો પછી જે કરે તે જ ભોગવે. જે કરે તે જ પામે, સમજ્યા?

બીજા પ્રશ્નો પણ ઘણા હતા, પણ નોંધવા યોગ્ય ન હતા. પ્રશ્નોત્તરી પૂરી થઇ. પોણા આઠ થઇ ગયા. શ્રોતાઓએ ભજન



સાંભળવાની ઇચ્છા કરી જેથી સર્વેશ્વરી એક બે ભજનો ગવડાવે છે. ભજન બાદ આરતી, પ્રસાદ પછી સૌ પ્રણામ કરી વિદાય થાય છે.

પૂ. શ્રી અંદર આવી સ્નાન કર્યા બાદ બાકી રહેલા સેવક વર્ગ–શ્રીહરિ–શ્રીકલ્યાણના કુટુંબને વિદાય આપે છે. પછી દૂધ લે છે. પૂ. શ્રી તથા સર્વેશ્વરી ત્યારબાદ ધ્યાનમાં બેસે છે. પછી મોડી રાતે આરામ કરે છે.

**તા. ૬–૩–૮૧, શુક્રવાર, મહા વદ અમાસ,**
**૨૦૩૭, સ્થળ : મોરબી.**

નિત્યકર્મમાં બ્રશ કરી, સ્નાન, વ્યાયામ, દૂધ, લેખન નિયમિત થાય છે. લેખન બાદ થોડો આરામ પોતાના પલંગ ઉપર પૂ. શ્રી ડાબે પડખે ફરીને કરી લે છે. બરાબર સાડા અગિયારે પૂ. શ્રી હાથમાં માળા લઇને બીજા રૂમમાં આવવા પોતાના રૂમમાંથી નીકળે છે. પાંચ–દસ મિનિટ પછી ભોજન તૈયાર થઇ જતાં ભોજન માટે ત્રીજો રૂમ–જે રસોડાની પાસે છે ત્યાં પૂ. શ્રી આવે છે.

એ ઓરડામાં બે પાટલાઓ મૂક્યા છે. પૂ. શ્રીના પાટલાની ડાબી બાજુ પાણીનો લોટો ને નાનું પવાલું મૂક્યું છે. ગરમી વિશેષ છે, તેથી પંખો એક બાજુ ચાલુ છે. આજે ભોજનમાં પૂરી, ખીર, કારેલાંનું શાક ને કઢી હોય છે. પૂ. શ્રી થોડી પૂરી ને થોડી ખીર લે છે.

ભોજન કરતાં કરતાં પૂ. માતાજીનું સ્મરણ પૂ. શ્રીને થાય છે. કહેવા લાગ્યા : "માતાજી કઢી ખૂબ સરસ બનાવતાં, મસુરીમાં કઢી બનાવવાનો પ્રસંગ આવતો તો એમ થતું કે પીધે જ રાખીએ. સરોડામાં મીઠા પાણીનો કુવો છે. તે પાણીથી દાળ બનાવે તો દાળ

પણ સરસ લાગે. ગામમાં પરશન નામની એક ડોશી તે અસ્વચ્છ રહેતી પણ તેની દાળ તો લોકો ન્યાતના વરામાં પીએ વગેરે વાતોમાં ભોજન પૂરું થાય છે.

ભોજન પૂરું થાય પછી પૂ. શ્રી બહાર પાછળ ઓસરી જેવો વિભાગ છે તેમાં આવીને કોચ ઉપર બેસે છે. સામે શ્રીહરિ ને શ્રીકલ્યાણનો પરિવાર બેઠો છે. શ્રીકલ્યાણનું ઘર નજીક હોવાથી તે સૌ પૂ. શ્રીનો વિશેષ લાભ લે છે. શ્રીહરિને પૂ. શ્રી બે પત્રો લખાવે છે. રસોડાનું બાકી કાર્ય પૂર્ણ થતાં સૌ વિદાય થાય છે. મુખ્ય દ્વાર બંધ થાય છે.

પૂ. શ્રી ત્યાં જ બેઠા છે. સૌની વિદાય પછી પૂ. શ્રી પેપર જુએ છે, સર્વેશ્વરી : શેરડીના ટુકડા ખાશો?—એમ પૂ. શ્રીને પૂછે છે. પૂ. શ્રી હા કહે છે, જેથી પૂ. શ્રી અને સર્વેશ્વરી શેરડી ખાય છે. ત્યારબાદ પૂ. શ્રી પોતાના રૂમમાં આવે છે, આરામ કરે છે. પણ તે પહેલાં પોતાની ૧૫ માળા બાકી છે જે પૂરી કરી લે છે.

થોડો આરામ કરે છે. એ આરામમાં ઉંઘ નથી આવતી. થોડું લેખનકાર્ય કરે છે. ત્યાં શ્રીહરિ આઇસ્ક્રીમ લાવે છે. પૂ. શ્રીને વાડીલાલનું કેસરપીસ્તાનું આઇસ્ક્રીમ ભાવે છે, જેથી તે લે છે.

ત્યાં તો શ્રીહરિએ કહ્યું, "રાજકોટથી શાંતિભાઇ આવ્યા છે. પૂ. શ્રી કહે, "બોલાવો બે મિનિટ મળી લઉં, હજી નાના છે ને!" શાંતિભાઇ અંદર આવે છે પ્રણામ કરે છે.

સર્વેશ્વરી કહે છે, 'શાંતિભાઇ, પૂ. શ્રી કહે છે. તમે નાના છો' શાંતિભાઇ હસે છે. પણ એ સાંભળી પૂ. શ્રી કહે છે, "આપણે ગમે તેટલા મોટા હોઇએ, પણ મા—બાપ આગળ કે ગુરુ આગળ તો નાના જ ગણાઇએ."



ભાવનગરના દિવાન શ્રી પ્રભાશંકર પટ્ટણીને સમાચાર મળ્યા કે પોતાની માતાનો સ્વર્ગવાસ થયો. તો પ્રભાશંકર રડી પડયા ને કહેવા લાગ્યા, "મને હવે પરભો કહીને કોણ બોલાવશે? એટલે માનો પ્રેમ એવો હોય છે. લોકો તો પ્રભાશંકર સાહેબ કે પટ્ટણી સાહેબ કહે પણ પરભો તો મા વિના કોણ કહે?"

વળી વાતનો વિષય બદલાય છે. શાંતિભાઇ સુરેન્દ્રનગર કઇ રીતે જવાનું છે તેની માહિતી મેળવે છે. પૂ. શ્રી પણ પ્રવચનની વાતો કરે છે. વાતો પૂરી થતાં પૂ. શ્રી બહાર આવે છે. બહાર શ્રોતાઓમાં ૐ નમઃ શિવાયની ધૂન, હે જ્ઞાનેશ્વરની ધૂન, શ્રીમન્ નારાયણની ધૂન ક્રમબદ્ધ રીતે ચાલુ જ છે.

પૂ. શ્રી બેઠક પર સ્થાન લે છે. પાસેની બેઠક પર સર્વેશ્વરી બેસે છે. શ્રી ચારુબેન એક ભજન ગાય છે. પછી શ્રીકલ્યાણ એક ધૂન બોલાવડાવે છે. પ્રશ્નોત્તરી હવે શરૂ થાય છેઃ—

**પ્રશ્ન :** શરીરમાં આત્માનું સ્થાન ક્યાં?

**પૂ. શ્રી :** આ તો ખૂબ ગવાયેલો ને ચવાયેલો પ્રશ્ન છે. (એમ કહી પૂ. શ્રી અભિનય કરીને પોતાની અનોખી રીતે શાસ્ત્રીય આધારે સમજાવે છે.) આત્માનું સ્થાન હૃદયમાં છે.

**પ્રશ્ન :** શિવપુરાણ બેનોથી વંચાય?

**પૂ. શ્રી :** એમાં એવું તે શું છે જેથી બેનોથી ન વંચાય? વાંચવાથી લાભ જ થાય છે. પાર્વતીની શંકરમાં કેવી અનન્ય નિષ્ઠા. તે વાંચવાથી લાભ થાય છે. એકવાર પોતાનું મન જેને વરી ચૂક્યું તેને જ જીવનભર વફાદાર રહેવાનું—એ શિવપુરાણમાં જોવા મળશે. બેનો એક પતિવ્રત શીખશે. પુરુષો એકપત્નીવ્રત શીખશે.

**પ્રશ્ન** : પ્રભુ અંતર્યામી છે, તો પછી આપણે કોઈપણ માગણી કરવાની શી જરૂર? આપણી માગણીને પ્રભુ જાણી લે ને પછી આપે જ છેને?

**પૂ. શ્રી** : અમે એક ઘરમાં ઉતરેલા. ત્યાં એક નાનકડો બાબલો થોડી થોડી વારે પોતાની મા પાસે માગ માગ કર્યા જ કરે. મા શાંતિથી તે વાત સાંભળ્યા કરે. અમને નવાઈ લાગી અમે માને પૂછ્યું કે તમે કેમ આટ આટલીવાર બાળક માગે છે છતાં શાંત જ રહો છો? માએ કહ્યું : "બાળક માગે કે ન માગે તોપણ હું સમયસર એને આપું જ છું. સમય પર દૂધ આપું છું સમય થાય એટલે સુવડાવું છું. વિગેરે હું બાળકની જરૂરિયાત જાણું છું ને સમયસર પૂરી પાડું છું."

બાબલો નાનો હતો પણ સમજદાર હતો. તેને પૂછ્યું કે તને તારી મા સમયસર બધું આપે જ છે તો પણ તું કેમ માગ માગ કર્યા કરે છે? બાબલો કહે, "માગવું એ મારો સ્વભાવ છે. તો બાળકનો સ્વભાવ માગવાનો, તેમ 'મા'નો સ્વભાવ આપવાનો છે. જીવનો સ્વભાવ જણાવવાનો તો ઈશ્વરનો સ્વભાવ જાણવાનો. ઈશ્વર અંતર્યામી પણ જીવનો સ્વભાવ આત્મનિવેદન કરવાનો છે."

તમારી આવશ્યકતાઓ પ્રભુને જણાવો જ. તમે એવા મોટા તો ભક્ત નથી ને—રામકૃષ્ણદેવ, ઇશુ કે તુકારામ જેવા સંતોએ પણ માગ્યું છે. નિયમિત પ્રાર્થના દ્વારા પ્રભુને આત્મનિવેદન કર્યું છે.

તુલસીદાસે ગાયું છેઃ—

બાર બાર વર માગઉ, હરખિ દેઉ શ્રીરંગ,
પદ સરોજ અન પાયની, ભક્તિ સદા સત્સંગ.



**પ્રશ્ન** : તમને જગદંબાનાં કેવાં દર્શન થયેલાં ને અત્યારે પણ જ્યારે જ્યારે તમે સંપર્ક સાધો ત્યારે તે કેવાં હોય તેનું વર્ણન કરવા કૃપા કરશો?

**પૂ. શ્રી** : એ કાંઇ વારેવારે સાડલા થોડા બદલે. ઘડીમાં નાયલોન ને ઘડીમાં ટેરેલીન.

જગદંબાનાં જે દર્શન થયાં છે તે અપાર્થિવ શરીરમાં જ થયાં છે. જે શરીરનું દર્શન થાય છે તે ચિન્મય છે. તેના લાવણ્યનું—માધુર્યનું વર્ણન વાણી ન કરી શકે. મૂકાસ્વાદ જેવું. એનો સ્પર્શ અતિશય શીતળ, સંજીવની પ્રદાયક (નવજીવન આપનારો).

જ્યારે હિમાલયમાં બાર—બાર વરસ ઉપવાસો ને વ્રતો કર્યાં ત્યારે એક ભાવના હતી—જેમ એકનાથને ત્યાં શીખંડીયાના રૂપે પ્રભુ સામાન્યરૂપે સાથે રહ્યા ને સેવા કરી, તેમ મારી સાથે પણ જગદંબા પોતાના દિવ્યરૂપની સાથે સાથે સામાન્ય રૂપ ધરીને સાથે રહેવા આવે.

તો એ બધી પ્રાર્થના, વ્રત, ઉપવાસોનો આ (મા સર્વેશ્વરી તરફ આંગળી ચીંધીને) જવાબ છે. (સૌ તાળી પાડે છે) જે ઓળખશે તે તરશે એમની જેટલી મને કિંમત છે એટલી કોઇને નથી. એની પાછળ ઉપવાસો, પ્રાર્થનાની મોટી ભૂમિકા છે.

માતાજી એક સ્વરૂપે હતાં તે ગયાં. એક ગયાં તો બીજું સ્થાન લઇ લે છે. એમને જોતાં મને એમ જ લાગે છે કે હું જગદંબા સાથે જ વાત કરું છું. મને કોઇ સામાન્ય સ્ત્રી લાગતાં જ નથી. મા ભગવતી જ મારી સાથે છે એવી મારી ભાવના છે, એવી મારી દૃષ્ટિ છે.

તો રામાયણમાં તુલસીદાસે લખ્યું કે,

સો જાનહ જેહી દેહ જનાઇ
જાનત તુમહી તુમ્હીં હોઇ જાય.

જેને પ્રભુ જણાવવા ચાહે છે તે જ તેને જાણી શકે છે. બાકી હું તો બહુ કડક મહાત્મા તરીકે પ્રસિદ્ધ છું. મારી પાસે સમય પૂરો થાય એટલે કોઇ ભાઇ કે બાઇ ઊભું ન રહી શકતું. તો એમની કંઇક ભૂમિકા હશે, કોઇ સંસ્કાર હશે તો સાથે રહે છે.

સમય પૂરો થતાં પહેલાં થોડા સામાન્ય પ્રશ્નો પૂછાયા જે નોંધને યોગ્ય ન હતા.

સર્વેશ્વરી બે ભજનો (શ્રોતાઓની ઇચ્છાથી) ગાય છે. ત્યારબાદ આરતી ને પ્રસાદ લઇ સૌ છૂટા પડે છે.

પૂ. શ્રી હજી બેઠા જ છે. ત્યાં સર્વેશ્વરીને ખબર પડે છે જેથી પૂ. શ્રીને કહે છે, કે "મહાત્માજી, આ મીનાને આજે હું ભજન ગાતી હતી ત્યારે સરસ અનુભવ થયો."

પૂ. શ્રી કહે : ક્યાં છે મીના? બોલો, શું થયું?

મીના પૂ. શ્રીની આજ્ઞા મુજબ ટૂંકમાં પોતાને થયેલા આજના અનુભવનું વર્ણન કરે છે. વિગત કંઇક આવી હતી.

સર્વેશ્વરી ભજન શરૂ કરે છે, મીના આંખ મીંચે છે ને દૃશ્ય શરૂ થાય છે. એક મોટો હોલ, ચાંદીનું સિંહાસન જેમાં મા સર્વેશ્વરી માથે ચળકતો મુગટ પહેરીને બેઠાં છે. સર્વેશ્વરીનું રૂપ એકદમ તેજોમય, પ્રકાશના કિરણોવાળું ત્યાં ઇશુ આવે છે. મીણબત્તી કરે છે. સૌ પ્રાર્થના માટે ભેગા થયેલા ભાઇબેનો પણ વારાફરતી સર્વેશ્વરી પાસે આવી મીણબત્તી કરે છે ને પોતાની રીતે પ્રણામ કરે છે.



આ અનુભવ બે ભજનો–આરતી ને પૂર્ણાહુતિના છેલ્લા શ્લોક સુધી ચાલ્યો.

**પૂ. શ્રી :** (અનુભવ સાંભળી લીધા પછી) પ્રભુની કૃપાથી આવા અનુભવો થાય.

પૂ. શ્રી અંદર આવી સ્નાન કરી લે છે. સૌ વિદાય થાય છે. પછી પૂ. શ્રી દૂધ ને સંતરું લે છે. ત્યારબાદ સવાદશ સુધી સર્વેશ્વરી પણ પૂ. શ્રી સાથે ધ્યાનમાં બેસે છે.

પછી આરામ. હરિઃ ૐ (ક્રમશઃ)

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

### શ્રી વિઠ્ઠલભાઇ

# સંસ્કાર વાટિકાનું સુગંધિત સુમન

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

જે જીવન થાય સુખી ને સુખને આપે,
જે કષ્ટ કૈંકનાં કાપે,
એ જીવનની કીંમત છે સાચે કાંઇ,
એ ધન્ય જીંદગી, ભાઇ!
આ જીવન એક પરબ જાણો,
ને વટેમાર્ગુ માનવ માનો;
જો પાણી પાઇ શકાય એથી કાંઇ,
એ ધન્ય જિંદગી, ભાઇ!

જીવનની આવી ધન્યતાની પળો પ્રાપ્ત કરનાર વિરલ વ્યક્તિત્વ એટલે શ્રી વિઠ્ઠલભાઇ!

પૂ. કાલીદાસકાકાની કાલીવાડીનું એ મઘમઘતું ફુલ! પૂ. કાકાના સંસ્કાર વારસાના સાચા વારસદાર! સંપત્તિનો વારસો તો સૌ પચાવવા તત્પર બને પરંતુ સેવાનો વારસો પચાવવો અને દીપાવવો સહેલો નથી! અનેક મહાપુરુષો આ પૃથ્વીપર થયા છે, પરંતુ સાચા વારસદાર કોઇકને સાંપડયા છે! માતાપિતાના સંસ્કારોને ઉજાળનાર વિરલા જ હોય છે! પૂ. કાકા ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારના મહાન વટવૃક્ષની એક સંસ્થા જેવા હતા! તેમનું કામ થોડું ઘણું સહેલું એટલા માટે હતું કે તેમને ભારતીય સંસ્કૃતિની ધરોહર સમી ગ્રામ્ય સંસ્કૃતિ અને વાતાવરણ સહજ



મળ્યાં હતાં! જ્યારે વિઠ્ઠલભાઇનો જન્મ ભલે ભારતની ધરતીપર થયો હોય, પરંતુ તેમનો જીવન નાતો પરદેશની ધરતી સાથે થયો! કાબ્વે ઝાંબિયામાં એમણે પોતાનાં જીવનનાં ચાલીસ વર્ષ વિતાવ્યાં! પરદેશની ધરતીપર રહીને ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારનો વારસો જાળવવો એટલું જ નહીં પણ દીપાવવો એ તો જેણે એ સુસંસ્કારો પોતાના લોહીમાં પચાવ્યા હોય, તે જ આ ધર્મકાર્ય કરી શકે!

વર્તમાન સમયમાં જ્યારે ભૌતિકવાદ જગતના ખૂણે ખૂણામાં પોતાની ભ્રામકજાળ બિછાવીને ફેલાઇ ગયો છે, ત્યારે કોઇક જ તેની મોહજાળમાં ફસાયા વિના રહી શકે. ભૌતિકવાદની લોભામણી લાલચોને કોણ ઠોકરે મારી શકે? પરદેશ શું જ્યારે ભારતની ધરતી પણ માંસ, દારૂ અને જાતીયતાના કાદવથી ખરડાયેલી છે, ત્યારે તેના અભિશાપથી એ રીતે બચી શકાય? વિદેશ તો આ ભૌતિક સંસ્કૃતિની જન્મદાત્રી છે. ત્યાં રહીને પોતાની જાતને સ્વચ્છ રાખવી એતો વિઠ્ઠલભાઇ જેવા મક્કમ મનોબળના મશાલચી જ રાખી શકે! પરદેશની ધરતીપર રહીને તેનાથી જરાપણ ખરડાયા વિના અણિશુદ્ધ જીવન જીવીને શ્રી વિઠ્ઠભાઇએ પોતાના સંસ્કાર પોતાની પ્રતિભાને ગૌરવશાળી બનાવી છે. પૂ. કાકાના સંસ્કાર વારસાને ભારતથી દૂર દૂર રહીને શોભાવ્યો એ શ્રી વિઠ્ઠલભાઇની મહાનતા છે. તેઓએ તો સંસ્કાર વારસો દીપાવ્યો, પરંતુ સાથે સાથે પોતાના પરિવાર જનોમાં પણ પ્રેર્યો. ભારતીય સંસ્કારોમાં જે શાંતિ છે, પ્રેમની પ્રતિષ્ઠા છે, સેવાની ભાવના છે, આદરનો અભિગમ છે, પરિવારના જે લાગણીભર્યા સબંધો છે તેનો શ્રી વિઠ્ઠલભાઇએ સૌને સ્વાદ ચખાડયો! જીવનની મીઠાશ સૌને માણતા કરી જીવનને ઉત્સવમય બનાવ્યું!

તા. ૫, નવેમ્બર '૯૧ ના રોજ અમેરિકામાં તેમના સુપુત્ર શ્રી ભાસ્કરભાઇના ઘેર હતા ત્યારે અચાનક સ્વર્ગવાસી થયા. પરંતુ એ સ્વર્ગવાસનો અફસોસ ક્યાં કરવાનો રહે છે? કારણ તેઓ આ પૃથ્વીપર પણ સ્વર્ગવાસી જ હતા! શ્રી વિઠ્ઠલભાઇએ પોતાના જીવનને જ સ્વર્ગસમું બનાવ્યું હતું. જે જીવન નિઃસ્પૃહ અને નિઃસ્વાર્થ હોય, સેવા અને નિષ્ઠાથી મ્હેંકતું હોય, માનવતા અને માયાળુતાથી મઘમઘતું હોય, સાત્ત્વિકતા અને સંયમથી શોભતું હોય, એ જીવન સ્વર્ગસમું નહીં તો બીજું શું? અહીં પૃથ્વીપર જ જેઓ સ્વર્ગ રચી શકે છે તેમને જ સ્વર્ગવાસી થયાનો અધિકાર છે એ શું સાચું નથી? શ્રી વિઠ્ઠલભાઇને સ્વર્ગ શોધવા ક્યાં જવાનું હતું! એમની શુભભાવનાઓમાંથી એમના જીવનમાં સ્વર્ગ સહજ રચાયું હતું!

શ્રી વિઠ્ઠલભાઇ સાચા અર્થમાં વૈષ્ણવજન હતા, કારણકે તેમનાં પ્રાણનાં પોકારમાંથી પીડિતો માટે પ્રેમ ટપકતો હતો.

રોનારાનાં આંસુ લુવો, શોકિતના શોક હરો,
તમની છાયા બની લો, મુંઝાતા નો માર્ગ કરો.
અનાથ ને એકાકીનાં જીવનને સાથ ધરો;
અપંગના પ્રાણ થઇ, રોમે રોમે શ્વાસ ભરો.
દુઃખદર્દ દૂર કરો, સૌનુંયે કલ્યાણ કરો.

શ્રી વિઠ્ઠલભાઇએ પ્રાર્થનાના આ સ્વરૂપને પોતાના જીવનમાં મૂર્તિમંત કર્યું હતું!

હોલીવુડ, કેલિફોર્નિયાથી જીવણભાઇએ શ્રી વિઠ્ઠલભાઇને આપેલી સુયોગ્ય અંજલિમાં તેમના જીવનનો આબેહૂબ પ્રતિઘોષ ઉઠે છે. શ્રી જીવણભાઇ લખે છે–



"....માનવજીવનની સાર્થકતા બીજાને ઉપયોગી થવામાં છે, તે વાત તેઓ હમેશાં નજર સામે રાખતા. નાના મોટા પ્રસંગોએ જરૂરિયાતવાળાઓને કામ કરી આપવાની તત્પરતા દાખવતા. ઊંડી વ્યવહાર સૂઝથી અનેક કાર્યો તેમણે પાર પાડેલાં મેં જોયાં છે. ધૂપસળીની જેમ એમનું જીવન સદાય મહેકતું હતું. એમનું વાંચન વિશાળ હતું. પૂ. ગાંધીજી તેમ જ બીજા ખ્યાતનામ સાહિત્યકારો અને તત્ત્વચિંતકોનું સાહિત્ય તેમણે વાંચ્યું હતું. ભારતની આઝાદી-નાં આંદોલનોમાં પણ એમણે આગળ પડતો ભાગ લીધો હતો. પરમાર્થી જીવનના પોતે સાક્ષાત્ મૂર્તિ જેવા હતા. તેઓ કુટુંબપ્રેમી વડીલ હતા. તેમની શીળી છાયા સૌને મળી હતી. એમનો સ્વભાવ સરળ અને નિર્માની હતો. તેમના અત્યંત માયાળુ, પ્રેમાળ અને ઉદાત્ત સ્વભાવનાં સ્મરણો ભૂલી શકાય તેમ નથી. તેમના મિલન-સાર અને પરગજુ સ્વભાવને લીધે તેઓ સૌના મિત્ર બની રહેતા. તેઓ અત્યંત પરિશ્રમી, ઉદ્યમીજીવન અને દીર્ઘદૃષ્ટિથી સફળતાને વર્યા હતા. એમનો આત્મા સાત્ત્વિક વૃત્તિનો હતો સંસ્કારની પુનિત સુવાસ એમના પરિચયમાં આવનાર દરેક વ્યક્તિને સ્પર્શી જતી. એમનામાં સંસ્કાર ભરી નમ્રતા વિવેક અને માણસાઇભરી સુજન્યતા હતી. સદાય હસતા અને પ્રસન્નતાથી ઓપતા એમના મુખારવિંદપર એક પ્રકારનું શાંત તેજ રહ્યા કરતું, સૌના હૃદયપ્રદેશમાં શ્રી વિઠ્ઠલભાઇ સદૈવ જીવંત છે...."

સેવા માટે શ્રી વિઠ્ઠલભાઇએ રોટરીકલબનું માધ્યમ પસંદ કર્યું હતું. તેઓ પ્રખર રોટેરિયન હતા. તેઓ ઝંબિયામાં ચાલીસ વર્ષ રહ્યા. તેઓ ૧૯૭૫ માં કાબ્વે રોટરી કલબમાં જોડાયા હતા. ૧૯૭૯ થી ૧૯૮૬ સુધી તેઓ રોટરી કલબના ખજાનચી હતા. તેમણે ૧૬ વર્ષના સુદીર્ઘ સમય સુધી રોટરીકલબમાં સેવાઓ

આપી હતી. ન્યુજર્સી અમેરિકામાં તેમણે ૧૬ વર્ષ સુધીના રોટરીકલબ સાથેના સંબંધોની સોળમી વર્ષગાંઠ ઉજવી હતી. રોટરીકલબના કાબ્વેમાં સ્કૂલોનાં બાંધકામોના પ્રોજેક્ટોના તેઓ મુખ્ય સૂત્રધાર હતા.

શ્રી વિઠ્ઠલભાઇએ રોટરીકલબને પોતાની અદ્દભુત, અને અવિસ્મરણીય સેવાઓ આપી. રોટરીકલબના ઇતિહાસમાં પોતાના નામને અમર કર્યું છે. રોટરીકલબના ઇતિહાસમાં તેમની સેવાઓ લાંબા સમય સુધી અવિસ્મરણીય રહેશે. ઝાંબિયા, ઓસ્ટ્રેલિયા અને અમેરિકામાં સ્થાનિક તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એમણે ખૂબ જ સેવાઓ આપી હતી. આ સેવાઓ માટે તેમને "પોલ હેરીસ ફેલો" એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અમેરિકા ન્યુજર્સીની વાયકોક રોટરીકલબમાં તેઓ મહેમાન રોટેરીયન તરીકે એક વરસથી દર અઠવાડિયે હાજરી આપતા. તેમ છતાં ક્લબના દરેક સેવાકાર્યોમાં સક્રિય ફાળો આપતા. ઝાંબિયા, ઓસ્ટ્રેલિયામાં એમનાં સેવાકાર્યોની નોંધ લઇ કદર કરીને એમના સ્વર્ગવાસ પછી એમને "વોલ્ટર ડી. ફાઉન્ડેશન એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો. રોટરીકલબની તેમની સેવાઓ પ્રશંસનીય અને ઉલ્લેખનીય રહી છે. તેમની ઊંડી સેવાઓની યાદગીરીરૂપે રોટરી કલબે ઓસ્ટ્રેલિયામાં શ્રી વિઠ્ઠલભાઇના નામનો એક કોમ્પ્યુટર રૂમ પણ બંધાવ્યો છે.

કાબ્વે હિંદુસમાજના તેઓ સૂત્રધાર હતા. હિંદુ સમાજની સાંસ્કૃતિ પૂરેપૂરી જીવંત રહે તે માટે ધાર્મિક તહેવારો, ઉત્સવો, નિયમિત ઉજવાતા. ભારતીય સંસ્કૃતિ અને ધર્મ માટે તેમને માન હતું. શ્રી વિઠ્ઠલભાઇએ પોતાના જીવનમાં ભારતીય સંસ્કૃતિના આદર્શો અપનાવ્યા હતા. પૂ. ગાંધીજીના જીવનના આદર્શો તેમને



ખૂબ જ પસંદ હતા. એટલું જ નહીં પણ અપનાવ્યા પણ હતા. વર્ષો સુધી વિદેશોમાં રહેવા છતાં તેઓ સંપૂર્ણ શાકાહારી હતા. માંસ અને દારૂનો સ્પર્શસુદ્ધાં તેમણે કર્યો નથી. તેઓ આદર્શ પિતા અને પરિવારપ્રેમી વડીલ હતા. પોતાના સંતાનો માટે પણ ભારતીય કુટુંબ પ્રથાના આદર્શો માટે આગ્રહ રાખતા. તેઓ મધુર સાદે ભાવવાહી ભજનો ગાતાં. તેમણે સાચા અર્થમાં ધર્મને આચરણમાં મૂક્યો હતો. આદર્શજીવનના શાસ્ત્રોના આદેશોને તેમણે પોતાના જીવનમાં મૂર્તિમંત કર્યા હતા. પિતા કાલીદાસકાકાના સંસ્કારોને ઝીલીને તેમણે માતાપિતાનું ગૌરવ વધાર્યું હતું. પિતાનો સેવાનો વારસો તેમણે દીપાવ્યો. પૂ. પિતાજીના રાષ્ટ્રભક્તિના સંસ્કારોને પણ ઉજ્જવળ કર્યા. શ્રી વિઠ્ઠલભાઇએ ૧૯૪૧ માં ૧૯ વર્ષની ઉંમરે વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો હતો અને ચારમાસની જેલ સજા પણ ભોગવી હતી. આ રાષ્ટ્રભક્તિનું તેમણે વિદેશોમાં વસીને પણ ગૌરવ વધાર્યું !

શ્રી વિઠ્ઠલભાઇએ પૂ. બાપુજીને આદિવાસીઓ માટે જે સેવાની ભાવના હતી તે જાળવી રાખી હતી. તેઓ જ્યારે પણ કપૂરા આવતા ત્યારે દરેક આદિવાસીઓને છાપરે જતાં. તેમની સાથે અંગત સંબંધો રાખતા. તેમનાં સુખદુઃખમાં ભાગ લેતાં. તેમની જરૂરિયાતો જાણી તેમને છૂપી રીતે મદદ કર્યા કરતાં. લાંબા સમય સુધી પરદેશમાં સુખસમૃદ્ધિ વચ્ચે વસવા છતાં શ્રીમંતાઈની અતડાઇ તેમનામાં પ્રવેશી ન હતી. હાઇ સોસાયટીની રહેણીકરણીથી અંજાઇને તેઓ સમાજના નીચલા થરના લોકોને ક્યારેય ભૂલ્યા ન હતા. વિધવા બેનોને તેમના દુઃખમાં ભાગ લઇ, તેમને મદદરૂપ થતાં. જ્યાંપણ જેને મદદની જરૂર હોય ત્યાં પહોંચી જતાં, તનમનધનથી જરૂરિયાતમંદોની પડખે ઊભા રહેતા.

જ્યાં પોતાની શારીરિક ઉપસ્થિતિ શક્ય ન હોય ત્યાંપત્રો લખીને પણ આશ્વાસન આપતાં. સૌની સાથે ભળી જવાનો તેમનામાં અદ્‌ભુત ગુણ હતો, સૌને સહજમાં મિત્ર બનાવીને તેમના આત્મીયજન બની જતાં. સૌની સાથે લાગણીભર્યા સંબંધો રાખતા અને તેમને માટે કંઇક ને કંઇક ભોગ આપી તેમનો આત્મા પ્રસન્નતા અનુભવતો. તેઓ સ્વમાનપૂર્વક જીવતાં અને બીજાના સ્વમાનની પણ એટલી જ કદર કરતાં. તેમનો સ્વભાવ શાંત અને સ્વસ્થ હતો. મુંઝવણો વખતે મુંઝાવાને બદલે શાંતિથી તેનો ઉકેલ કરતાં. શ્રી વિઠ્ઠલભાઇના આ ઉમદાગુણોને લીધે સમાજમાં પોતાનો વિશાળ ચાહક વર્ગ ઊભો કરી શક્યા હતા!

કોઇપણ ક્ષેત્રે વિશિષ્ઠતા ધરાવનાર વ્યક્તિનું શ્રી વિઠ્ઠલભાઇ સન્માન કરતા. સંગીત, સાહિત્ય, નૃત્ય, કલા, નાટય કે સામાજિક સેવાઓમાં મોખરે રહેતા સૌને આદર સાથે સન્માનતા અને પોતાની સાથે પર્યટન સ્થળોએ ફરવા લઇ જતા. તેમને આ રીતે માનવમાં જે ઉત્તમતા હોય તેનો સંગ કરવાનું ગમતું. આ તેમનો સત્સંગ હતો. આ રીતે પોતે ઉત્તમ વ્યક્તિઓનો સંગ કરી પોતાનું એક આદર્શ, ઉત્તમ ચારિત્ર્યવાન જીવનનું ઘડતર કર્યું હતું. શ્રી વિઠ્ઠલભાઇની આ સત્સંગની વિશિષ્ઠતા સમજવા જેવી છે. સત્સંગ એટલે હરિકથા સાંભળવી કે શાસ્ત્રોની ચર્ચાવિચારણા કરવી. એટલામાં જ એમનો સત્સંગ સમાઇ જતો ન હતો! પરંતુ માનવજીવનની ઉત્તમતાના તેઓ પર્યુપાસક હતા. જીવનના ઉત્તમ અંશોનો સમતોલ વિકાસ એ એમની સાધના હતી. જીવનની સર્વાંગ સુંદરતાના ચાહક હતા! સાચા આત્મિક સૌંદર્યના ઉપાસક હતા, માનવમાં રહેલી દિવ્યતાના પૂજારી હતા. એટલે જ તેમનું જીવન આદર્શતાના પ્રતિક જેવું હતું.



શ્રી વિઠ્ઠલભાઇ આદર્શ પિતા હતા ભારતીય કુટુંબ પ્રણાલીના પ્રણેતા જેવા હતા! સંસ્કારી કુટુંબજીવનના પોષક તેમ જ સર્જક હતા. ભારતીય સંસ્કૃતિના સંસ્કારોથી મઘમઘતું જીવન તેમને ગમતું. ઉત્તમ રાષ્ટ્રભક્ત હતા. સમાજસેવા તેમનાં કુટુંબના અંગ જેવી બની ગઇ હતી. ગરીબો સાથે ગરીબ બનવામાં તેમની ઉત્તમ જીવનકળાની આવડત હતી. જીવનમાં દુઃખના રોદણાં રોનારાઓ તરફ તેમનું જીવન લાલબત્તી જેવું હતું! શ્રી વિઠ્ઠલભાઇ પૂ. કાલીદાસકાકા જેવા મહાન પિતાના ઉત્તમ પુત્રરત્ન હતા. સંસ્કારવડ સમા પિતાની આધારરૂપ વડવાઇ બની પિતાનો સંસ્કાર વારસો પોતામાં ઉતાર્યો હતો! જૂની નવી પેઢી વચ્ચે જે રીતે સંસ્કારોની જાળવણી થવી જોઇએ તેનું આદર્શ ઉદાહરણ આ પિતાપુત્રે સમાજસમક્ષ રજુ કર્યું છે. શ્રી વિઠ્ઠલભાઇએ નવી–જુની પેઢી વચ્ચેના સમય પરીવર્તનને જરૂર સ્વીકાર્યું પરંતુ જીવનના સનાતન મૂલ્યો જેવા સંસ્કારોને સમયની કુરૂપતાનો ચેપ લાગવા દીધો ન હતો. તેમને વ્યવસ્થિત રહેવું ગમતું એટલે તેમનું વ્યક્તિત્વ સુટેડ બુટેડ રહેતું પરંતુ અંતર તો સંસ્કારમય તાણા-વાણાથી સદાય ગુંથાયેલું રહેતું. આ કપરા સમયમાં જ્યારે સંસ્કાર કરતાં સંપત્તિનો વારસો હડપી લેવા જીવન મૂલ્યોનો દેહ દેવાઇ રહ્યો છે ત્યારે શ્રી વિઠ્ઠલભાઇએ સંસ્કારના વારસાને પચાવી, જાળવી, જીવનમૂલ્યોને જાળવી રાખ્યા છે. સુખ, સંતોષ અને પ્રેમની પ્રતિષ્ઠામાં છે, સંયમ અને શ્રદ્ધાનાં પાયામાં છે. સંપત્તિ મઢયા જીવનરથનું સારથીપદ સુસંસ્કારોને સોંપવામાં આવે તો જ જીવનરથ સલામત રહીને સમતોલ ગતિ જાળવી શકે છે. શ્રી વિઠ્ઠલભાઇએ સંસ્કાર સંપન્ન, સુરૂચીપૂર્ણ નીતિમય જીવનનો દાખલો સમાજ સમક્ષ ધર્યો છે.

શ્રી વિઠ્ઠલભાઇએ પોતાનું સ્વાસ્થ્ય અદ્ભુત રીતે જાળવી રાખ્યું હતું. તેઓ ભારતીય આયુર્વેદ પદ્ધતિના પ્રશંસક હતા. શિવામ્બુ–સ્વમૂત્ર પ્રયોગના હિમાયતી અને પ્રચારક હતા. તેમણે ક્યારેય એલોપથી દવાઓ લીધી ન હતી, ક્યારેય માંદા પડયા સિવાય શરીર સ્વાસ્થ્ય જાળવી રાખ્યું હતું. તેઓ સંપૂર્ણ શાકાહારી હતા. જ્યારે બહાર જવાનું બનતું ત્યારે શાકાહારી ભોજન ન મળે તો પાણી પીને ચલાવી લેતા પરંતુ નિયમમાં બાંધછોડ કરતાં નહીં. તેઓ જીવનભર તનમનથી નિરોગી રહ્યા. તન મન અને ધનથી નિરામય રહેવાનો આદર્શ જીવનપ્રયોગ સૌ સમક્ષ તેમણે ધર્યો. પોતાના કુટુંબ તથા સંપર્કમાં આવનાર સૌને ભારતીય જીવન-પદ્ધતિનો અણમોલ વારસો આપતા ગયા.

આનંદની વાત એ છે કે તેમનાં સુપુત્ર શ્રી ભાસ્કરભાઇ પણ પિતાના વારસાને દિપાવી રહ્યા છે. હમણાં જ આપણે અખિલ પ્રાર્થના મંદિરના ઉદ્‌ઘાટનમાં તેમના સેવામય જીવનપોતમાં પોતાના પિતાશ્રીના જીવન તાણાવાણાનાં રંગસૂત્રો જોઇ શકીએ છીએ. આપણી આશા ચોક્કસ સફળ થશે જ કે વિશ્વસ્તરની સફળ જાપાનની સોની કંપનીના વાઇસ ચેરમેનપદે રહીને પણ પિતાના ભારતીય જીવનમૂલ્યોનો વારસો પોતાના જીવનમાં જાળવી રાખશે એટલું જ નહીં એ વારસાને ઉજાળી સૌ સમક્ષ ઉજ્જ્વળ જીવન કારકીર્દિનો આદર્શ ધરશે જો આવું બનશે તો ત્રણ ત્રણ પેઢી સુધી એ સંસ્કારમય જીવનની સરવાણીથી હરિયાળા જીવનબાગો મઘમઘતા રહેશે! કપૂરામાં ઉદ્‌ઘાટન વખતે શ્રી ભાસ્કરભાઇએ કહ્યું હતું તેમ પૂ. દાદા સાથે તેમને મજબુત નાતો બંધાયો હતો. આ મજબુત નાતાનો સંકેત પૂ. દાદા એક અદ્‌ભુત યોગાનું-યોગથી આપતા ગયા છે. પિતાની જેમ પૂ. દાદાએ પણ પોતાના



આ સુપાત્ર પૌત્રના આંગણેથી જીવન વિદાય લીધી હતી! જેમ ગુરુ પોતાના સુપાત્ર શિષ્યમાં પોતાની યોગશક્તિ ને સંકલ્પવડે પ્રત્યારોપણ કરે છે, તેમ પૂ. પિતાજી તથા પૂ. દાદા શ્રી ભાસ્કર-ભાઇને ઘરઆંગણેથી વિદાય લઇને એ ભવ્યતમ જીવન વારસાને જાળવવાનો સંકેત અને શક્તિ આપતા ગયા છે. શ્રી ભાસ્કર-ભાઇના ખભા મજબુત છે તેનો સંકેત કપૂરામાં મળી ગયો છે. ત્રણ ત્રણ પેઢીના ઉજ્જવળ જીવન ઇતિહાસને પોતાના જીવન-પાનાઓમાં આલેખવામાં શ્રી ભાસ્કરભાઇ પાછા નહીં પડે એવી શ્રદ્ધા અસ્થાને તો નથી જ.

શ્રી વિઠ્ઠલભાઇએ જે રીતે શાંતિથી પાર્થિવ વિદાય લીધી તેમાં તેમના નિરામય જીવનનો જ પડઘો હતો. તેમને હૃદયરોગ શા માટે થાય? જે હૃદય પ્રભુના પુનિત કાર્યો માટે ધબકતું રહ્યું તેને વળી રોગ શું હોય? જીવનકાર્ય પૂરું થયું અને શાંત થઇ ગયું! આમાં રોગ ક્યાં આવ્યો? હસતાં હસતાં શાંત થઇ જવું એ તો નિરામય જીવન પ્રણાલીનું દ્યોતક છે. જીવનમાંથી વિદાય તો બધાં જ લે છે. પરંતુ જીવનસંધ્યાએ જેઓ શાંતિનો સૂર્યોદય પ્રકટાવી શકે એવા વિરલાઓમાં શ્રી વિઠ્ઠલભાઇ એક હતા! શ્રી વિઠ્ઠલ-ભાઇના આ શબ્દો તેમની જીવનરીતિમાંથી પ્રકટયા હોય એમ નથી લાગતું!

"જેમ સૂર્યાસ્તના રંગો સૂર્યોદય જેટલા જ લાગે સોહામણા,
તેમ જન્મ ને મૃત્યુ બંને જ શાને ન લાગે રળિયામણા?
જો પૃથ્વી પર જન્મ એ આનંદનો પ્રસંગ છે જ ખરે!
તો સૂર્યાસ્ત જેવા જ મૃત્યુથી માનવી શીદને ડરે?"

(સ્વ. વિઠ્ઠલભાઇ કા. પટેલ)

આવા રળિયામણા જીવનસર્જકને લાખ લાખ સલામ!

પાર્થિવ જીવનની વિદાય વેળાએ પૂ. માની ઉપસ્થિતિ એ જ શ્રી વિઠ્ઠલભાઈને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ છે. જે ભક્તકૂળમાં પૂ. માએ અવતાર ધારણ કર્યો, એ કૂળને ઉજાળનાર એક સપૂત જ્યારે ચિરવિદાય લેતો હોય ત્યારે એ કૂળની ઈકોતેર પેઢીને તારનાર સમર્થ પરમ શક્તિની કૃપાદૃષ્ટિ તળે અંતિમ વિદાય લેવી એ પરમ સૌભાગ્ય જ ગણાયને? આવું સૌભાગ્ય બધાને પ્રામ થતું નથી. શ્રી વિઠ્ઠલભાઈના સેવામય જીવનને પૂ. માની આ દીક્ષા છે. એ દીક્ષિત જીવના કલ્યાણને રોક્યું રોકી શકાતું નથી. જીવનો ઉદ્ધાર એ એની નિશ્ચિત ગતી છે.

શ્રી લક્ષ્મીબેને પૂ. માની ઉપસ્થિતિને યોગ્ય શબ્દોમાં વધાવી છે.

"અમે જ્યારે કારમા આઘાતથી બહાવરા બની ગયા હતા ત્યારે સંપૂર્ણ સમતોલપણું જાળવીને, અમારા સૂત્રધાર બનીને, અતિમાન ભરેલી રીતે ભાઈની અંતિમ ક્રિયાઓ કરી અને કરાવી તે બદલ આખા પરીવારના પ્રેમપૂર્વક વંદન સાથે ખૂબ ખૂબ આભાર.

નાજુક શરીર અને કઠિન ઉપવાસો ચાલતા હોવા છતાં રોજ રોજ એક જ બેઠકે કલાકો સુધી રામાયણ પારાયણ કરાવીને પુણ્યાત્માને અનુકૂળ શ્રદ્ધાંજલિ અર્પી, એ બધું યાદ કરીને અહો-ભાવથી હૈયું ગદ્‌ગદિત થઈ જાય છે. દિલના ભાવો વ્યક્ત કરવા અમારી પાસે શબ્દો નથી. કોઈ દૈવી સંકેતથી તમે સ્વદેશ જવાનું ટાળીને રોકાય ગયા તે સમયે કોને ખબર હતી કે એની પાછળનું ગૂઢ રહસ્ય શું હતું? અમારે માટે આભાર સ્તંભ બની ગયા. અમારી ક્ષતિઓને ઉદાર દિલે નિભાવતાં રહેશો એવી વિનંતિ સાથે..." (લક્ષ્મીબેનના પ્રેમપૂર્વક પ્રણામ.)



સેવાપરાયણ જીવનનો અફસોસ કરવાનો ક્યાં રહે છે? જે સેવા કરે છે તેની સેવા કરવા ભગવાન બારણે આવીને ઉભા રહે છે. શ્રી લક્ષ્મીબેને લખ્યું છે તેમ ભારત આવવાની ટીકીટ બુક થઈ ગઈ છતાં તે કેન્સલ કરાવી પૂ. મા અમેરિકા રોકાઈ ગયા તેની પાછળ શ્રી વિઠ્ઠલભાઈ અંતિમ વિદાય નિશ્ચિત હતી તે સિવાય બીજું શું કારણ હોઈ શકે? ભક્ત પુંડરિકના સેવામય જીવનથી પ્રસન્ન થઈ ભગવાન વિઠોબા તેને આંગણે પધાર્યા હતા તેમ પૂ. મા પણ શ્રી વિઠ્ઠલભાઈના સેવામય જીવનનો સ્વીકાર કરવા સામેથી પધાર્યા હતા!

આજના દિશાશૂન્ય ધ્યેય માટેની આંધળી દોડ પાછળ માનવ પાગલ થઈને ભટકી રહ્યો છે ત્યારે શ્રી વિઠ્ઠલભાઈનું જીવન શાંતિ માટે કેટલું પ્રેરણાદાયી છે! જીવન પોતાનો સમગ્ર વૈભવ આપણી આગળ ખૂલો કરે છે પરંતુ શ્રી વિઠ્ઠલભાઈની જેમ સમજણપૂર્વક જીવાય તો! આપણા જીવન પગલાંની છાપ એવી ઉઠે કે શ્રી વિઠ્ઠલભાઈની જેમ બીજાને માટે દિશાસૂચક બની રહે! જીવનના પુણ્યપ્રવાસની સાર્થકતા આનાથી વિશેષ બીજી શું હોઈ શકે!

આ જીવનના પુણ્યપ્રવાસે એકલ આવી એકલ જાવું,
અંતરની વીણા પર નિશદિન ગીત સનાતન એકલ ગાવું,
આશા કેવળ એક જ મારી ધ્યેયતણું વિસ્મરણ ન થાયે,
પૂર્ણ કરું યાત્રાને ત્યારે, પાછળ પગલા પુનિત પડાયે...

## * મારી ભીતર *

મારી ભીતર ચ્યવન કણસતો,
ફણગી ઊઠે રાગી યયાતિ!
દેવયાનીના દર્પ–દલનમાં
શર્મિષ્ઠા–છલકાતી છાતી. ...મારી૦
ત્રિ–શંકુ–યુગનું શીર્ષાસન!
અવકાશી શો અભ્યુદય!
ભીતર રૌરવ–વૈતરણી ને
આત્મ–રતિમાં નિજનો લય. ...મારી૦
એઈડ્ઝ–ઊધઈને હશીશી–વિષે
માનવ–ધન વિશ્વે રોળાય,
સંસ્કૃતિ કેન્સરથી રીબે
વિપથ ગતિથી પ્રગતિ થાય? ...મારી૦
શિશ્નોદરીય–રંગી સભ્યતા!
સંવેદનાને નામે શૂન્ય!
રક્તરંગી આ રોબોટ–લીલા!
છેદ ઊડતો પાપે, પુણ્ય! ...મારી૦
ચૈત્ય–પુરુષ ઘોરે ભીતરમાં,
બહિર્–વિશ્વે લીલાલ્હેર!
કાળ–વ્યાઘ્ર તડપશે ત્યારે
હાહાકાર! ને કાળો કેર! ...મારી૦

ડૉ. રણજિત પટેલ (અનામી)



સરસ્વતીની માંદગીમાં પણ

# પ્રભુકૃપાના અનહદ અનુભવો

નારાયણ હ. જાની

જીવનમાં કેટલીક ઘટનાઓ આકસ્મિક બનતી હોય છે. તે કેમ બને છે તે આપણે જાણતા નથી, પરંતુ તે માણસના જીવન-પ્રવાહને સાવ બદલી નાંખે છે. તે માણસની ધીરજ, સહનશીલતા અને મિત્રોની કસોટી તો કરે જ છે, પરંતુ સાથેસાથે નવા જ પ્રકારના માનવજીવનના પાસાનું દર્શન પણ કરાવી જાય છે. એ દર્દભરી કથાની વ્યથા જીવનમાં એટલી ભારે થઈ જાય છે કે જો માણસને કોઈ સાચા સંતનો સહારો ન મળ્યો હોય તો માણસ ભાંગી પડે છે, જીવનના રસકસ ખોઈ બેસે છે અને એનું જીવન એક વેરાન વગડામાં કોઈ નિરર્થક ઊભેલા અટૂલા વૃક્ષની જેમ અર્થહીન બની જાય છે.

અમારા જીવનની પણ આ દર્દભરી તેમ જ વ્યથાભરી કથા છે. છતાં એમાં એક નવા જીવનનું દર્શન પણ છે જે માનવ-જીવનને ઉપયોગી છે. એટલે જ એનું નિરૂપણ અહીં ઉચિત માન્યું છે.

ત્રીજી ડીસેમ્બર ૧૯૯૩ ની એ સવારે અમારા જીવનમાં કદી નહિ કલ્પેલી એવી ઘટના ઘટી છેલ્લા ચાર છ માસથી પેટની બિમારી ભોગવતાં મારાં પત્ની સંડાસમાં પડી ગયાં અને બેભાન થઈ ગયાં!

દસેક મિનિટમાં જ ખબર પડી કે તેઓ હજી કેમ બહાર

નથી આવ્યાં? તપાસ કરતાં જણાયું અરે, એ તો સંડાસમાં બેભાન અવસ્થામાં પડેલાં છે, મુખમાંથી ફીણ નીકળે છે. એટલે ઝડપથી દરવાજો ખોલી બહાર કાઢ્યાં ને પાટ પર સુવાડ્યાં. તુરત જ દાક્તરને બોલાવ્યા. ત્યાં સુધીમાં તેઓએ આંખ ખોલી. અમને થયું. "હાશ, હજી જીવે છે ખરાં." પરંતુ એ જીવવું–જીવવું નો'તું એની કલ્પના વખતે અમને ક્યાંથી આવે?

ત્રણેક દાક્તરોને બોલાવ્યા. ન્યુરો ફીઝીશયને કહ્યું પેટમાં કંઇ તકલીફ લાગે છે. કંઇક ગાંઠ જેવું છે. તો વળી સર્જને આવી કહ્યું, "સંભવ છે થાપાના હાડકામાં ઇજા થઇ હોય!" આમ શરૂથી જ નિદાનમાં ખોટા પાટે અમારી સારવારની ગાડી ચડી ગઇ! પગ ભાંગ્યો છે તેની સારવારમાં અમે લાગી ગયા! પરંતુ વાત બીજી જ હતી.

એમને બ્રેઇન હેમરેજ થયેલું. કદાચ ન્યુરો ફીઝીશિયનના ખ્યાલમાં તે વાત એટલા માટે ના આવી કે તે વખતે મારાં પત્ની થોડા ભાનમાં હતાં. પૂરું બોલતાં ના હતાં, પરંતુ સૂચનાઓ પ્રમાણે હાથ પગ બધું હલાવતાં હતાં. આપણી વાત સાંભળતાં હતાં– સમજતાં હતાં. જો કે મોઢેથી જવાબ આપતાં ન હતાં.

ભાગ્ય કેવું ભૂલાવે, તેની પ્રતીતિ ત્રણેક દિવસમાં જ અમને થઇ. તેમાં વ્યક્તિઓને શો દોષ દેવો?

ત્રીજા દિવસે અમને લાગ્યું કે ધીમે ધીમે તેઓનું ભાન ઓછું થતું જાય છે એટલે ન્યુરો ફીઝીશયને એમને તુરત જ તપાસી હાડકાની સારવાર થંભારી દઇ નર્સિંગ હોમમાં દાખલ કરાવી દીધાં.

ત્યાં બે દિન અને રાત રહ્યાં. પરંતુ સારવારનો કોઇ



રીસ્પોન્સ જ નહિ. અભાન અવસ્થાના વિપુલ સાગરમાં તેઓ ધીરે ધીરે ડૂબી જઇ રહ્યાં હોય એવું અમને લાગ્યું. ઘરનાં બધાં અમે વારાફરતી પૂછતાં તો કદીક પ્રતિસાદ સાંપડતો તો કદીક નહિ.

તા. ૫ મી ડીસેમ્બરને રવિવાર હતો. રાતના લગભગ ૯ થયા હશે. મારા નાના પુત્ર અજયે એમના કાનમાં પૂછ્યું, "જીજી મહાત્માજીને યાદ કરો છોને?" એમણે સહેજ માથું હલાવી હા કહી એટલે એણે પૂછ્યું, "માનેય યાદ કરો છોને?" એમણે વાણીથી સ્પષ્ટ હા કહી. આથી તેણે ફરી પૂછ્યું, "મા હાલ ક્યાં છે?"

'વડોદરા' તેઓ બોલ્યા.

'વડોદરા કોને ત્યાં?'

'શ્રી જીતુભાઇને ત્યાં.'

આ બધા સ્પષ્ટ પ્રત્યુત્તરોથી પ્રોત્સાહિત થયેલ મારા પુત્રે ફરી પૂછ્યું, તમે મનમાં ને મનમાં શું બોલો છો. બહુ જ સ્પષ્ટ અને મોટેથી તેઓ બોલ્યાં, ૐ યોગેશ્વર રક્ષ મામ્। મા સર્વેશ્વરી પાહિ મામ્।

આ શબ્દો એટલા બધા સ્પષ્ટ અને મોટેથી બોલાયેલા હતા કે દર્દીના રૂમની બહાર બેઠેલા ત્રણ ચાર ભાઇઓએ પણ સાંભળ્યા. તેઓને પણ નવાઇ લાગી! તેઓએ કહ્યું, કેવું સરસ! જીજી બેભાન અવસ્થામાં પણ પૂ. મહાત્માજી અને માને યાદ કરે છે; અર્ધ અચેતન અવસ્થામાં પણ પૂ. ગુરુદેવ અને પૂ. માનું તેમને આંતરિક સ્મરણ છે એ પ્રભુની મોટી કૃપા જ કહેવાય.

બસ, એ એમની છેલ્લી વાણી. પછી તેઓ સંપૂર્ણ બેભાન થઈ ગયાં તે આજે ત્રીસ દિવસે પણ ભાનમાં નથી આવ્યાં.

કોઈ યોગીની લાંબી સમાધિ જેવી એમની આ અચેતન અવસ્થા છે. તેમને માટે જાણે સંપૂર્ણ બાહ્ય જગત લુપ્ત થઈ ગયું છે. અમે જેમને તેઓ ખૂબ પ્રેમ કરતાં, કદી પાંચ પંદર મિનિટ પણ આંખોથી અળગા ના કરતાં કે થવા નો દેતાં તેમના પ્રત્યે પણ તદ્દન નિર્મમ દૃષ્ટિથી તેઓ શરૂમાં જોતાં. જાણે અમારે અને તેમને કોઈ હૃદયનો સંબંધ જ નથી! અમારા માટે આ કેવી આઘાતજનક અવસ્થા!

### કૃપાદર્શન

એક બાજુ આવી અવસ્થાનું દુઃખ, તો બીજી બાજુ પ્રભુની અસીમ કૃપાનું દર્શન પણ એટલું જ અદ્‌ભુત! ન કલ્પેલી સહાય અને સહાનુભૂતિનો સ્રોત–પ્રભુની કૃપા વિના શી રીતે સંભવી શકે?

રાજકોટના શ્રી કાન્તિભાઈ પટેલ–સરસ્વતીની આવી અચાનક માંદગીના ખબર સાંભળતાં જ ભાવનગર દોડી આવ્યા! તે પછી મારાં પત્નીને ભાવનગરથી રાજકોટ લાવ્યા. તો તેમણે સ્વેચ્છાપૂર્વક રોજ રાતે હોસ્પીટલમાં સૂવાની સેવા ઉપાડી લીધી. આ કામ ઘણું કપરું છે, છતાં જ્યાં ભાવ અને પ્રેમ હોય ત્યાં માણસને મુશ્કેલી લાગતી નથી.

શ્રી કાન્તિભાઈ ઘણી મોટી ધંધાકીય જવાબદારીઓ સંભાળે છે. એટલે કારખાના ઉપર સવારે આઠ વાગે હાજર થઈ જવું જ પડે. તેમાં એક દિવસની પણ ચૂક કર્યા સિવાય તેઓ બંને ધંધાની અને હોસ્પીટલની જવાબદારી સંભાળી રહ્યા છે. એ કેવું અદ્‌ભુત લાગે!



શ્રી કાન્તિભાઈ વરસોથી દિવસમાં એકવાર જ જમે છે. તેઓના શરીરની ક્ષમતા અદ્‌ભુત છે. તેઓ ભૂખ, તરસ, થાક, તેમ જ ઠંડી ગજબની સહી શકે છે. ભર શિયાળામાં પણ એમને કદી ગરમ પહેરવું ના પડે. સફેદ દૂધ જેવો એકધારો પોષાક. છેલ્લાં ચૌદ વર્ષથી. અમારો એમની સાથેનો પરિચય માત્ર સવા વર્ષનો. આટલા ટૂંકા ગાળામાં પ. પૂ યોગેશ્વરજી તેમ જ પૂ. મા શ્રી સર્વેશ્વરી પ્રત્યેનો એમનો ભાવ જોવા જેવો. એને લીધે તો પૂ. મા એમના ઘરના પ્રાંગણ સુધી પધાર્યાં.

બીજા અમારા પુત્ર રાજુભાઈના મિત્ર મહાવીરભાઈ ગોહિલ. મૂળ ભાવનગરના, પરંતુ હાલ સ્થિર થયા છે રાજકોટમાં. શ્રી રાજુભાઈ અને શ્રી મહાવીરભાઈ એક જ દિવસે બેંકની નોકરીમાં દાખલ થયેલા. આમ અભ્યાસકાળની મિત્રતા નોકરીમાં પણ ચાલુ રહી. તેઓ આ વખતે ખબર પડતાં જ અમારી મદદે દોડી આવ્યા. તેઓ પણ રોજ રાતે એક–બે વાગ્યા સુધી પથારી પાસે જાગીને સેવા આપે, જેથી શ્રી કાન્તિભાઈને રાહત રહે.

એ ઉપરાંત શ્રી રાજુભાઈના ડઝનેક મિત્રો રાતે વારાફરતી સેવાઓ આપતા રહે છે. તો એક બીજા શ્રી સુરેશભાઈ દ્વિવેદીની મદદ ભૂલાય એમ નથી. આ હોસ્પીટલમાં પોતાની દવાની દુકાન છે. તેમાં તેઓને ત્યાંથી કેટલાંક દાક્તરી સાધનો અને બીજી ચીજો સપ્લાય થાય છે. એથી એમણે અહીંની દુકાનમાં પોતે પૈસાની ખાત્રી આપી અમારું ખાતું જ ખોલાવી આપ્યું, જેથી દર વખતે રોકડા પૈસા લઈને દવા લેવા જવું ના પડે. આ સેવા ખરે જ ઘણી રાહતરૂપ બની. આ બધું ખરે જ કલ્પના બહારનું હતું. એક અજાણ્યા શહેરમાં આવી મદદ પ્રભુકૃપા સિવાય થોડી મળે?

આ કપરી માંદગીમાં મદદ કરવા ભાવનગરથી ભાવથી દોડી

આવનાર શ્રી નલિનીબેન અને શ્રીમતી હસુબેન ગોહિલને કેમ ભૂલાય? તેઓની સહાય ખૂબ રાહતરૂપ બની રહી છે.

### હોસ્પીટલમાં સત્સંગ

તો પ. પૂ. મા–પ્રભુના સત્સંગીઓએ અમને સરસ હૂંફ પહોંચાડી. શ્રી શાન્તિભાઇ કનેરિયા, શ્રી ગોરધનભાઇ કલોલા, શ્રી ચંદ્રકાન્ત અને હરસુખભાઇ પંડયા અને એમના પરિવારના સભ્યો આ માંદગીમાં અમારી પડખે આવીને ઊભા રહ્યા, એમાં પણ પ્રભુની જ કૃપા.

અમારા એક નવા જ પરિચિત શ્રી જયંતીભાઇ પટેલ, એમને સહુ 'જેકે' તરીકે ઓળખે. અમારો તેમની સાથેનો પરિચય ઝાઝો નહિ. પરંતુ તેઓ પણ રોજ રોજ આવે છે.

હોસ્પીટલમાં મુલાકાતનો સમય સાંજના ૪ થી ૬ નો. તે સિવાય ખાસ આવવા ના દે. એટલે શ્રી યોગેશ્વર પરિવારના સભ્યો અને શ્રી જેકે સાંજે ખબર પૂછી હોસ્પીટલના પ્રાંગણની ખુલ્લી જગામાં પાથરણું પાથરી બેસે. અમે પણ તેમાં હાજરી આપીએ. ત્યાં સત્સંગની વાતો થાય. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમ જ પૂ. મા શ્રી સર્વેશ્વરીની, પરમહંસદેવ શ્રી રામકૃષ્ણની તથા શ્રી શારદામાના જીવનની સરસ વાતો થાય. શ્રી શાન્તિભાઇ રામકૃષ્ણદેવની ને શારદામા અને તેમના ભક્તોની વાતો કહે તો શ્રી કલોલાભાઇ પૂ. ગુરુદેવ અને પૂ. માનો મહિમા દર્શાવતા અનેક પ્રેરક પ્રસંગો કહે. અમે પણ પૂ. શ્રીનાં અનેક પ્રેરક સંસ્મરણો તાજાં કરીએ. અમારા જેકે ખૂબ રસિયા. ખૂબ ઉત્સાહથી બધી વાતો સાંભળે અને જીવનમાં શક્ય તેટલી ઉતારવા પ્રયત્ન કરે.



શ્રી જેકેનું જીવન પણ જાણવા જેવું. તેઓ સંયુક્ત કુટુમ્બમાં ત્રણ ભાઇઓ સાથે રહે છે. ધંધામાં પણ બધા સાથે છે. પરસ્પર ખૂબ પ્રેમ અને વિશ્વાસ. વળી બધાં જ ધર્મપ્રેમી. સ્ત્રીઓ પણ ઉત્સાહી. છેલ્લાં પાંચેક વર્ષોથી ગાયત્રી માતાનું પૂજન અને જપ કરે. રોજ સાંજે સવા સાતે આરતી થાય. તેમાં ઘરનાં બધાં જ સભ્યો અચૂક જોડાઇ જાય. દર રવિવારે ગાયત્રી માતાનું હવન પણ કરે. વૃદ્ધ પિતા, વિધવા બેન અને તેનાં બે સંતાનો ઉપરાંત ત્રણે ભાઇઓનો પરિવાર મળી ૨૦ જણ ખૂબ આનંદથી એક-સાથે રહે, જે આજના યુગમાં અશક્ય લાગે એવી વાત નથી શું?

પૂ. માના જીવનના પ્રસંગો સાંભળી, તેમના મનમાં એક એવો ભાવ દૃઢ થયો છે કે જે ગાયત્રી માતાનું પૂજન અને જપ અમે કરીએ છીએ તેના ફળસ્વરૂપે જ પૂ. મા શ્રી સર્વેશ્વરીનો પરિચય અમને તમારા મારફત થયો છે. તેઓ જ પ્રત્યક્ષ ગાયત્રી માતા સ્વરૂપ છે અને કેવળ ભાવથી જ પૂ. મા ભીંજાય છે ને પ્રસન્ન થાય છે. એટલે ખૂબ ભાવથી પૂ. માને રોજરોજ યાદ કરો એમ પરિવારના સભ્યોને જણાવે છે.

પ. પૂ. મહાત્માજીના જીવનમાં અમે જોયેલું કે ભાવનગરમાં પૂ. માતાજી જ્યોતિર્મયી જ્યારે હોસ્પીટલમાં બિમાર હતાં, ત્યારે ત્યાં પણ તેઓ મુલાકાતે આવનાર ડોક્ટરો સાથે સત્સંગની કંઇ ને કંઇ વાતો કરતા. જીવનની કોઇપણ પરિસ્થિતિમાં સત્સંગ જરૂરી છે, તે હકીકત આવા પોતાના વ્યવહારથી પૂ. શ્રીએ સહુને દર્શાવેલ. એટલે રાજકોટમાં પણ જે સત્સંગ પ્રેમી ભાઇઓ ખબર જોવા આવતા તેઓ સાથે મળી અમે રોજ સત્સંગ કરતા. ઘણા જોનારાઓને આનુ આશ્ચર્ય થતું. આના પરિણામે હોસ્પીટલનો સ્ટાફ પણ અમારા પ્રત્યે આદરથી જોવા લાગ્યો. (ક્રમશઃ)

# પરદોષ–દર્શન

ધીરજ મોઘરિયા

"નરશીકાકાના પશાએ દહેજની લાલચમાં મનિયાની 'છોડી'ને પડતી મેલી ને જેરામપુરવાળા છગનની 'છોડી' સાથે એના ધનિયાનું ગોઠવી દીધું; અમારી (વહુ) તો એક વાસણ લેતાં ત્રણ પછાડે ને શાક ચેડવવા મેલીને છાપું કે મેગેઝીન લઇને બેઠી હોય તે શાક બળી જાય તોય ઉઠે ઇ બીજી! અમારી 'ડોસી' (સાસુ) તો શાકેય જોખી જોખીને પીરસે! પેલો દવે તો કામની ભીંહ પડે એટલે રજા મેલીને છટકી જાય, સાલ્લો કામચોર! બીજા ભલે ને કૂચે મરતા! હરજીવનકાકાની નાનકીની વાત સાંભળી? કહે છે કે પરનાતમાં લગન કરવાની છે."

આપણી આસપાસ આવા ને આવા પ્રકારના અનેક સંવાદો ને વાતો આપણને વારંવાર સાંભળવા મળતી હોય છે. આપણે આપણા જીવન વ્યવહાર બાબતે જરાક નિરાંતે બેસીને તટસ્થરીતે વિચારીશું તો સાફ જમાશે કે બીજાના દોષ જોઇને તેનું અન્ય પાસે જઇને, કંઇક વધારીને કે આપણી માન્યતા પ્રમાણે ગોઠવીને વર્ણન કરવાનું આપણા માટે સહજ ને રસપ્રદાન કરનારી બાબત છે. અરે, જીવનનું જાણે એક અંગ જ ના હોય તેવી રીતે જ કેટલાકના જીવનમાં તો એ ઓતઃપ્રોત થઇ ગયેલ હોય છે. આમ ટીકા, નિંદા ત્થા કુથલી જાણે કે આપણો માનસિક ખોરાક બની ગયો છે. ત્રીજી ગેરહાજર વ્યક્તિ જ વાતનો વિષય હોવાથી જાણે કે નવા જ પ્રકારનો રસ ઘૂંટાતો હોય છે, ને આનંદ મળતો હોય



છે. ઘણીવાર તો એવું પણ જોવામાં આવે છે કે માત્ર સમય પસાર કરવા માટે કે નવરાશની પળોનો (સદુપયોગ?) કરવા સારુ આવા પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરાતી હોય છે. પણ કોઇપણ સમજુ માનવે આવી. ક્ષુલ્લક ને એકંદરે માનસિક રીતે નુકશાન કારક ટેવને વિદાય આપવી જ પડશે. માત્ર આનંદ કરવા ખાતર પણ જો આવી ટીકા, કુથલી કરાતી રહે તો આપણા માનસમાં એક પ્રકારની નકારાત્મક ને ધૃણાત્મક છાપ પાડી જાય છે. જે સરવાળે મનની એકાગ્રતા ને સ્થિરતામાં વિક્ષેપરૂપ બને છે.

પૂ. શ્રી યોગેશ્વરજીએ એક પ્રશ્નનાં પ્રત્યુત્તરમાં જણાવ્યું છે કે "બીજાના દોષ જોવા નહીં, ને જોયા વિના ના રહેવાય તો તે ગમે ત્યાં જાહેર કરવા નહિ. કહેવું હોય તો જે માણસમાં દોષ દેખાતા હોય તેને જ તે વિષે કહેવું. તેથી તમારી ભૂલ થતી હશે તો ખુલાસો મળી જશે. બીજાના દોષ જાહેર. કરવાથી ને જ્યાં ત્યાં જાહેર કરવાથી કોઇ હેતુ સરતો નથી. એથી ઘણીવાર જાહેર કરનાર માણસ બીજાનો તિરસ્કાર કરનારો બની જાય છે."

પૂ. શ્રીનો આ સંદેશ કેટલો પ્રેરક છે? સામાન્ય માનવને તો તે ચેતવે જ છે, પરંતુ જે સાચો સાધક છે તેને ખાસ ચેતવણી આપે છે. બને તો કોઇના દોષ ના જ જોવા. તેમ છતાં જો જોયા વિના ના રહી શકાય તો તેનું પારાયણ નિંદા–ટીકારૂપે અન્ય પાસે કરવાનું ના બને તેનું ખાસ ધ્યાન રાખવું. અને તેને વ્યક્ત કર્યા સિવાય પણ જો તમારાથી રહી શકાય તેમ ના હોય તો, જેનામાં દોષ દેખાય છે તેને જ તે વિષે કહેવું જોઇએ. સાચી વાત છે. આમ કરવાથી દોષ જોનારની તેને કહેવાની ને કહીને વ્યક્ત કરવાની 'ચળ' મટી જશે ને તેનો યોગ્ય ખુલાસો પણ મળી જશે. બીજાના દોષોનું પારાયણ અન્ય વ્યક્તિઓ પાસે કરવાથી શું

ફાયદો છે? આવી પ્રવૃત્તિથી દોષી માણસને શું ફરક પડવાનો હતો? આજ લગી એવો કોઈ કિસ્સો જવલ્લે જ નોંધાયો હશે કે આવી ટીકા, નિંદા કે કુથલીની વાતો સાંભળીને દોષી વ્યક્તિ દોષ સ્વીકારે ને સ્વીકારીને તેને સુધારવા મથી હોય ને સુધરી હોય! ઉલટાનું મોટેભાગે એવું બનતું હોય છે કે ટીકાકાર કે નિંદાખોર અને તેના વચ્ચેનું વૈમનસ્ય વધે છે, દૂરી વધે છે અને તેઓ એકબીજાને ધિક્કારતા થઈ જાય છે. પૂ. શ્રી કહે છે તેમ સાચો સાધક કોઈનો તિરસ્કાર કેમ કરી શકે? ઘૃણાનો તો ત્યાગ કરવાનો હોય, એટલે સાવચેતીરૂપે તેઓ સાધકને ચેતવે છે કે જો જોયા વિના રહેવાય નહિ તો જ્યાં ત્યાં જાહેર ના કરશો. આ માટે સાવધાની ને જાગૃતિ તથા થોડા સંયમની આવશ્યકતા પડે છે. છતાં જો કહેવું હોય તો તે દોષી વ્યક્તિને જ કહો. ફળદાયી પરિણામ પ્રાપ્ત થતું નથી. આ માટે તો સર્વપ્રકારના પૂર્વગ્રહોથી રહિત બનીને તટસ્થપણે જરાય ઘૃણાવિના હેતથી તેવા દોષની રજૂઆત તે વ્યક્તિને મોઢે જ કરવી જોઈએ, જેથી આપણી માન્યતા યોગ્ય છે કે કેમ તેની જાણ થઈ જાય. આમ એકબીજા વચ્ચે સંવાદિતા સધાતાં સામેનો માણસ પણ પોતાનો દોષ હોય તો સ્વીકારી શકે ને દૂર કરવા મથે. તો જ ફળદાયી પરિણામ પ્રાપ્ત થાય. આમ કાં તો આપણો વહેમ કે પૂર્વગ્રહ હોય કે ભૂલ થતી હોય તો તે દૂર થઈ જાય અથવા તેને પોતાના દોષ દૂર કરવાની પ્રેરણા મળે ને સાધક નિંદા–ટીકા કરવાથી બચી જાય.

સાચો જીવનશુદ્ધિનો સાધક આવી દુષ્ટ વૃત્તિઓને સાંખી શકશે નહિ. જેણે પોતાનું જીવન ઉન્નત બનાવવું છે; જીવનવિકાસ સાધવો છે; તન–મન–અંતરનો મેલ દૂર કરવો છે; પ્રભુ પરાયણ બનવું છે, આત્મવિકાસને પંથે આગળ વધવું છે તેણે આ બાબતને ખૂબ જ ગંભીરતાથી મૂલવવાની જરૂર છે. રોજ રાત્રે કે



વહેલી સવારે દિવસ દરમ્યાન થયેલા આવા અન્યના દોષ જોવાના, જાહેર કરવાના, ટીકા, નિંદા, કુથલી કરવાના અને તેને આનુસંગિક સઘળા પ્રસંગો બન્યા હોય તો તેને યાદ કરવા, પછી તટસ્થ વિવેચક બનીને તેવા પ્રસંગો અંગે એકાંતમાં પોતાના ઈષ્ટદેવ કે પ્રભુ પાસે નિખાલસભાવે રજૂઆત કરવી. પ્રભુની પાસે આવે પ્રસંગે થયેલ ભૂલનો એકરાર કરવો. આવી નિખાલસ રજૂઆત વખતે દિલ ડંખે, વેદના અનુભવે, કે અંતરના ઊંડાણમાંથી દુઃખ થાય અને ચિત્કાર પડાઈ જાય ને ધ્રૂસકે–ધ્રૂસકે રડી પડાય, તો તે ઉત્તરોત્તર પ્રગતિની નિશાની ગણાય, એવું અમારું મંતવ્ય છે. એવો સાધક આજે નહિ તો કાલે, એવી દુષ્ટ વૃત્તિના સકંજામાંથી નીકળી શકશે તે નક્કી છે. આજ વાત દરેક પ્રકારની આસુરી વૃત્તિઓને પણ લાગુ પાડી શકાય. જ્યારે એવી મલિન વૃત્તિઓ સાધકને પોતાને ઘણી ઘણી કઠે ત્યારે તે કોઈને કોઈ વાર જરૂર બેઠો થઈ શકવાનો એમાં સંદેહ નથી. જેમ જેમ તેવી વૃત્તિઓમાં ફસાતા દિલમાં વધુને વધુ દુઃખ થાય ને ડંખે લાગે તો તેની પ્રગતિ ઝડપી થવાની.

આવી વૃત્તિઓ એ મનની મલિનતા જ છે. શ્રીરામકૃષ્ણદેવ કહેતા કે "અંતરની વ્યથા ને આર્તનાદને કારણે આવતા આંસુઓનાં પાણીથી મનની મલિનતા ધોવાતી જાય છે." એટલે જેટલી વેદના વધશે તેટલી શુદ્ધિ ઝડપથી થશે. આવો આપણે સૌ રોજ પોતાની જાતનું પરીક્ષણ કરીએ ને પ્રભુની દર્દભરી પ્રાર્થનાથી હરેક પ્રકારની આસુરી વૃત્તિઓમાંથી મુક્તિ મેળવવા યથાશક્તિ મથામણ કરીએ, કારણ કે પૂર્ણતાનો પાયો શુદ્ધિ ને પવિત્રતા જ છે.

# નારદમુનિએ દર્શાવેલ ભક્તિયોગ

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

નારદમુનિએ રચેલ ભક્તિયોગનો ગ્રંથ 'નારદ ભક્તિ સૂત્રાણિ' નામથી ઓળખાય છે. આ સંસ્કૃત ગ્રંથમાં ભક્તિ એટલે શું? ભક્તિ કેવી રીતે કરવી? ભક્તિ કરવાથી શો લાભ થાય. એ બધું માત્ર ૮૪ સૂત્રોમાં સંક્ષિપ્ત વાક્યોમાં સમજાવ્યું છે, પણ ૮૪ જ સૂત્રોમાં વેદો, ઉપનિષદો, પુરાણો, સ્મૃતિઓ તથા મહાકાવ્યોમાં ભક્તિ વિશે જે કંઇ કહેવાયું છે તેનો સાર સરળ ભાષામાં રજુ કરવામાં આવેલ છે.

શ્રીરામકૃષ્ણ પરમહંસે વારંવાર ભારપૂર્વક જણાવ્યું છે કે નારદમુનિએ ભક્તિનો જે માર્ગ દર્શાવ્યો છે તે કલિયુગમાં સર્વોત્તમ તથા સહુથી સરળ છે. સર્વોત્તમ દૈવીપ્રેમ સિદ્ધ કરવા માટેની, પરમાત્માનો સતત સાક્ષાત્કાર કરવાની સાધના ભક્તિ કહેવાય છે.

ભક્તિની પ્રથમ કાચી અવસ્થા અપરાભક્તિ તરીકે ઓળખાય છે અને ભક્તિની પરિપક્વ અવસ્થા પરાભક્તિ તરીકે ઓળખાય છે. આત્મલક્ષી પરાભક્તિમાં ભક્ત ભગવાન સાથે ધ્યાનમાં તન્મયતા અનુભવે છે. પરલક્ષી પરાભક્તિમાં ભક્ત સમગ્ર વિશ્વ પરમાત્માનું જ સ્વરૂપ છે, પરમાત્માથી વ્યાપ્ત–ઈશાવાસ્ય છે એવો સતત અનુભવ કરે છે.

'નારદભક્તિ સૂત્રાણિ' ગ્રંથના ૮૪ સૂત્રોને પાંચ અધ્યાયમાં વહેંચી નાંખવામાં આવ્યા છે.



આમાંથી પ્રથમ અધ્યાય 'પરમભક્તિ સ્વરૂપ' નામનો છે. એમાં ૨૫ સૂત્રો દ્વારા પરાભક્તિની વિવિધ બાજુઓ સમજાવી છે. આ પ્રથમ અધ્યાયનો સાર એ છે કે ભક્તિ પરમ પ્રેમસ્વરૂપ છે. અને અમૃતસ્વરૂપ છે. એવી ભક્તિ પ્રાપ્ત કરનાર સિદ્ધ અમૃતરૂપ તથા તૃપ્ત થાય છે. પછી એને સંસારમાં કોઇ વાંછના, શોક, દ્વેષ, સ્થૂલ આનંદ કે સંસાર માટે ઉત્સાહ રહેતો નથી. ભક્તિનો અનુભવ તેને મત્ત, સ્તબ્ધ, આત્મારામ બનાવે છે. એને પૂજાકથામાં અનુરાગ થાય છે. એના સર્વ આચાર ભક્તિમય બને છે. એની ભક્તિ વ્રજની ગોપીઓ જેવી હોય છે છતાં તે ભગવાનનું માહાત્મ્ય ક્યારેય વિસરતો નથી. આવી માહાત્મ્યજ્ઞાન વગરની ભક્તિ વ્યભિચારીની ભક્તિ જેવી જારભક્તિ ગણાય કારણ કે એમાં શાશ્વત સુખ હોતું નથી.

બીજો અધ્યાય 'પરમ ભક્તિ મહત્ત્વમ્' નામે ઓળખાય છે. આ અધ્યાયમાં તમામ પ્રકારની આધ્યાત્મિક સાધના કરતાં પરાભક્તિને ઉત્તમ ગણાવી છે. મુક્તિ ઇચ્છનાર સહુ કોઇને આવા પ્રકારની જ ભક્તિ કરવા જણાવાયું છે. આ અધ્યાયનો સાર એ છે કે કર્મયોગ તથા જ્ઞાનયોગથી ભક્તિયોગ ઉત્તમ છે કારણ કે ભક્તિયોગનું ફળ પણ ભક્તિ જ છે. જ્ઞાનદ્વારા ભક્તિ તથા ભક્તિદ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને બંને પરસ્પર આધાર રાખે છે. પરંતુ નારદમુનિના મતે ભક્તિદ્વારા ભક્તિ જ પ્રાપ્ત થાય છે. રાજા સામે ભિખારી જમે તો ન રાજાને સંતોષ થાય કે ન ભિક્ષુકને સંતોષ થાય. એટલે મુમુક્ષુઓએ તો ભક્તિ જ ગ્રહણ કરવી જોઇએ. આ બીજા અધ્યાયમાં માત્ર નવ જ સૂત્રો છે.

ત્રીજા અધ્યાયનું નામ 'ભક્તિ સાધનાનિ' છે. આમાં માત્ર ૧૭ સૂત્રો છે. આ અધ્યાયમાં ભક્તિમાટેના નૈતિક નિયમો તથા

આધ્યાત્મિક સાધના દર્શાવેલી છે. એમાં દર્શાવ્યા પ્રમાણે, વિષયોનો ત્યાગ કરવાથી, સંગનો ત્યાગ કરવાથી, સતત સેવાપૂજા કરવાથી, ભગવાનનું ભજનકીર્તન કરવાથી, ભગવાનની વત્તીઓછી કૃપાથી આ મુખ્યત્વે સિદ્ધ થાય છે. મહાન સંતોનો સમાગમ દુર્લભ તથા અગમ્ય હોય છે પણ આવા સમાગમથી ભક્તિ નિષ્ફળ જતી નથી. એમની કૃપાથી જ ભક્તિ પ્રાપ્ત થાય છે. કારણ કે તેઓ ભક્તિના સાધકોમાં ભેદભાવ રાખતા નથી. સંત સમાગમ કરવો જ જોઇએ, દુર્જનોનો સંગ સદાય ત્યજવો જોઇએ કારણ કે દુર્જનના સંગથી કામ, ક્રોધ, મોહ, સ્મૃતિભ્રંશ, બુદ્ધિનાશ અને અન્તે સર્વનાશ થાય છે. સર્વપ્રકારે દુર્જનનો સંગ ત્યજનાર સંસારને તરી જાય છે અને મમત્વમાંથી મુક્ત બની જાય છે. એકાંતનું સેવન કરનાર સંસારના બંધનથી મુક્ત થાય છે, ત્રણેય ગુણોથી પર થાય છે અને ગુજરાનની ચિન્તાથી મુક્ત થાય છે, કર્મફલનો ત્યાગ કરનાર નિર્દ્વન્દ્વ થાય છે. દિવ્ય અનુભવ એના એવા કે જેનું તે વર્ણન કરી ન શકે. આ અનુભવ ગુણોથી પર, કામનારહિત અને અવિચ્છિન્ન હોય છે. આવો ભક્ત પોતે તો તરી જ જાય છે પણ સાથે બીજાઓને પણ તારે છે.

ચોથો અધ્યાય 'પ્રેમ નિર્વચનમ્' તરીકે ઓળખાય છે. આ અધ્યાયમાં ૧૬ સૂત્રો છે આ અધ્યાયમાં ભક્તના સદાચારનું વર્ણન છે તથા રાગભક્તિથી પરમાત્માનો અવશ્ય સાક્ષાત્કાર કેવી રીતે થાય છે તે દર્શાવેલ છે. આ અધ્યાયમાં દર્શાવ્યા પ્રમાણે ભક્ત-ના પ્રેમસ્વરૂપનું વર્ણન થઇ શકતું નથી કારણ કે ભક્તિ એક અનુભવ છે. મુંગાને જે અનુભવ થાય તેનું તે વર્ણન કરી શકતો નથી એમ ભક્તિના દિવ્ય અનુભવનું પણ વર્ણન થઇ શકતું નથી. આવી ભક્તિ કોઇ સુયોગ્ય વ્યક્તિમાં જ પ્રકાશિત થાય છે. આવી



ભક્તિ ત્રણેય ગુણોથી પર અને કામનારહિત હોય છે. આવી ભક્તિમાં પ્રતિક્ષણે વધારો જ થયા કરે છે અને તે સતત, અત્યંત સૂક્ષ્મ તથા અનુભવરૂપ હોય છે. આવી ભક્તિ કરતા સહુમાં પરમાત્માનું દર્શન કરે છે, પરમાત્મા વિષયક જે કંઇ હોય તે જ સાંભળે છે, પરમાત્માના ભાવમાં જ મગ્ન રહે છે, પરમાત્માનું જ ચિંતન કરે છે.

ગૌણી ભક્તિ અર્થાત્ ગુણસંબંધી ભક્તિ ત્રણ પ્રકારની હોય છે. આ ત્રણ પ્રકારની ભક્તિમાં સાત્ત્વિક ભક્તિ ઉત્તમ છે, રાજસી ભક્તિ એનાથી ઉતરતી તથા તમસી ભક્તિ એનાથીય ઉતરતી હોય છે. આ ઉપરાંત ભક્તોના ભેદ–આર્ત, જિજ્ઞાસુ તથા અર્થાર્થી એમ ત્રણ છે. ઉપરની છ પ્રકારની ભક્તિ સહેલાઇથી થાય છે કારણ કે એમાં કોઇ સાબિતીની જરૂર પડતી નથી. 'કર અને જો' એવો ન્યાય એમાં છે.

ભક્તિનો આનંદ શાન્ત અને પરમાનંદરૂપ હોય છે. ભક્ત સાંસારિક દુઃખોની પરવા કરતો નથી કારણ કે તે પોતાનું સર્વસ્વ પરમાત્માને ચરણે ધરી દે છે. એને લોકવ્યવહાર ત્યજવાનો હોતો નથી. એણે સ્ત્રી, ધન, નાસ્તિક અને શત્રુના ચરિત્ર સાંભળવા ન જોઇએ, અભિમાન તથા દંભનો ત્યાગ કરવો જોઇએ. એણે પોતાની તમામ કામના, ક્રોધ, અભિમાન પરમાત્માને જ સમર્પિત કરવા જોઇએ. એણે પરમાત્માની સેવા સેવક કે પત્નીની માફક કરવી જોઇએ.

પાંચમો અધ્યાય 'મુખ્ય ભક્તમહિમા' તરીકે ઓળખાય છે. આ અધ્યાયમાં ૧૮ સૂત્રો છે. એમાં ભક્ત સંસારમાં કેવી રીતે વર્તે છે તે દર્શાવ્યું છે. આ અધ્યાયમાં દર્શાવ્યા પ્રમાણે ભક્તોમાં એકાંતિક ભક્ત મુખ્ય છે પરમાત્મા સાથે વાત કરતાં એના ગળે

ડુમો ભરાઇ આવે છે અને શરીરમાં રોમાંચ થાય છે તે પોતાના કુળને તથા પૃથ્વીને પવિત્ર કરે છે. ભક્ત જ તીર્થને સાચા અર્થમાં તીર્થ કરે છે. એના કર્મો જ સત્કર્મો બને છે. એના રચેલા શાસ્ત્રો જ સત્શાસ્ત્ર બને છે. તે પરમાત્મામય બની જાય છે. ભક્તની ભક્તિથી આનંદ પામે છે, દેવો નૃત્ય કરે છે અને પૃથ્વી આવા સ્વામીને પામીને સૌભાગ્યવતી થાય છે. ભક્તોને મન કોઇની જાતિ, ધન, વિદ્યા, રૂપ કુળ આદિના ભેદ હોતા નથી કારણ કે અન્યની જાતિ, ધન, વિદ્યા તથા કુળ તે પોતાના જ હોય છે. તે પરમાત્માનો જ બની રહે છે. ભક્ત વાદવિવાદમાં પડતો નથી કારણ કે લોકોના મનના તરંગોથી ઉદ્‌ભવેલા ભક્તિવિશેના ખ્યાલો જાતજાતના હોય છે. અને તે અનુભવજન્ય નહીં પણ માત્ર બુદ્ધિજન્ય હોય છે. ભક્તે ભક્તિશાસ્ત્રોનું મનન કરવું જોઇએ. એમાં આપેલ આદેશોનું પાલન કરવું જોઇએ.

ભક્ત સુખદુઃખ તથા ઇચ્છા અને લાભના ખ્યાલથી મુક્ત થયો હોવાથી એની પાસે ઘણો સમય હોવાથી છતાં તે અર્ધી ક્ષણ પણ ભક્તિ વગર વિતાવતો નથી.

ભક્ત અહિંસા, સત્ય, શૌચ, દયા, આસ્તિકતા વગેરે સદાચાર પામે છે. તે સર્વદા, સર્વભાવે નિશ્ચિન્ત થઇને માત્ર ભગવાનને જ ભજે છે. તે જ્યારે ભગવાનનું ચિન્તન કરે છે ત્યારે ભગવાન તેને પ્રત્યક્ષ થાય છે તથા તે અન્યને પણ ભગવાનનો સાક્ષાત્કાર કરાવે છે. ભક્તિ એટલે ભક્તિ પણ તે ૧૧ પ્રકારની હોય છે.

(૧) પરમાત્માના ગુણ તથા માહાત્મ્યમાં આસક્તિ, (૨) પરમાત્માના રૂપમાં આસક્તિ, (૩) પરમાત્માની પૂજામાં આસક્તિ, (૪) પરમાત્માના સ્મરણમાં આસક્તિ, (૫) પરમાત્માના દાસ થવામાં આસક્તિ, (૬) પરમાત્માના સખા બનવામાં આસક્તિ,



(૭) પરમાત્મા પ્રત્યેના વાત્સલ્યમાં આસક્તિ, (૮) પ્રિયપત્ની જેવી આસક્તિ, (૯) આત્મનિવેદનરૂપ આસક્તિ, (૧૦) ભગવાનમાં તન્મય બનવાની આસક્તિ અને પરમાત્મા ન મળે ત્યાં સુધી વિરહરૂપ આસક્તિ. ભક્તો લોકોના બકવાદની પરવા કરતા નથી, સદાય નિર્ભય રહે છે. આ ભક્તિની બાબતમાં વ્યાસજી, શુકદેવજી, ઉદ્ધવજી, બલિરાજા, હનુમાનજી, વિભીષણ આદિનો મત એક જ છે. નારદમુનિએ શિવજીને પરમભક્ત ગણાવી આ ગ્રંથને શિવાનુશાસન પણ કહેલ છે કારણ કે ભક્તિશાસ્ત્રના આદિ રચયિતા શિવજી છે.

પ્રાચીન સાહિત્યકારોએ નારદમુનિને ઝઘડાખોર, ઈર્ષ્યાળુ તથા હાસ્યને પાત્ર બનાવ્યા છે પણ નારદમુનિનો ઉલ્લેખ વેદોમાં પણ છે અને અનેક શાસ્ત્રોની એમણે રચના કરી હોવાથી ૧૮ પુરાણ-માં એક પુરાણ એમના જ વિશે રચાયું છે. આ સૂત્રો અનુસાર નારદમુનિ ભક્તિ કરનાર મુમુક્ષુઓના સાચા ગુરુ જ છે.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

# શિક્ષણમાં યોગનું મહત્ત્વ

કમલ સુથાર

**પૂર્વભૂમિકા:**–પ્રાચીનકાળમાં આપણા દેશની શિક્ષણ પ્રણાલિમાં યોગનું ઘણું જ મહત્ત્વ હતું. યોગને કોઇ જાતિ, ધર્મ, સંપ્રદાય કે દેશ–વિશેષ સાથે કોઇ સંબંધ નથી. યોગ સાર્વત્રિક છે. સર્વમાટે છે. એનાથી માનવજીવન સુદૃઢ, સ્વસ્થ, આનંદપૂર્ણ અને સુખી બને છે.

યોગ એક એવી પ્રક્રિયા છે કે જેનાથી માનવનાં મન અને શરીર વૈજ્ઞાનિક ઢબે કેળવાય છે. મન શક્તિશાળી બને છે. એકાગ્ર બને છે. શરીર નિરોગી બને છે. જીવન દીર્ધાયુ બને છે.

**શિક્ષણમાં યોગનું મહત્ત્વ:**–શિક્ષણમાં યોગની પ્રક્રિયાથી વિદ્યાર્થી જીવનનો સર્વાંગીણ વિકાસ થાય છે. આપણા દેશમાં પહેલાં ઋષિ–મુનિઓ પોતાના આશ્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આજ કારણથી યોગનું શિક્ષણ આપતા. સાથે સાથે અન્ય વિષયો પણ શીખવતા. જેથી તે વિદ્યાર્થીઓ તેજસ્વી, મેધાવી, ને સશક્ત બનતા. શિક્ષણમાં યોગ સહાયક છે. ઉન્નતિકારક છે. સંપૂર્ણ જીવનને પૂર્ણતા અર્પનાર છે.

**યોગની વ્યાખ્યા:**–હવે યોગ શું છે તે વિષે આપણે જોઇએ. પાતંજલ યોગસૂત્રમાં યોગ વિષે કહેવાયું છે કે : "चित्तवृत्ति-र्निरोधस्तु योगः ॥

અર્થાત્–ચિત્તવૃત્તિના નિરોધને જ યોગ કહે છે. કોઇ પણ એક જ વિષયમાં મનને જોડાયેલું રાખવું તેને યોગ કહે છે.



"યુન્" ધાતુ પરથી 'યોગ' શબ્દ બનેલો છે. યોગ અર્થાત્ જોડાવું. આત્માનું પરમાત્મા સાથે જોડાવું તેનું નામ પણ યોગ છે. મનનો કોઇ વસ્તુ કે વિષય સાથે સંયોગ થવો તેનું નામ પણ યોગ છે.

પ્રાજ્ઞયુક્ત બુદ્ધિ, મજબૂત શરીર અને શાન્તચિત્તનો જે વિયોગ થયો છે તેનો સંયોગ કરવો તેનું નામ યોગ છે. યોગ કાયાકલ્પ કરનારી દિવ્ય પ્રક્રિયા છે. જેમ કલ્પશાસ્ત્ર એક વસ્તુને બીજી વસ્તુમાં પરિવર્તિત કરે છે, જેમ કે તાંબામાંથી સોનું બનાવી દે છે. તેમ યોગ માનવીની પશુતા હરી તેને ઈશત્વ પ્રદાન કરે છે. સ્વસ્થતાને સફળતા પ્રદાન કરે છે.

**યોગના પ્રકાર:**–યોગ અનેક પ્રકારના છે. જેમ કે મન્ત્રયોગ, જપયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ, હઠયોગ, લયયોગ, નિષ્કામ કર્મયોગ, સિદ્ધયોગ અને રાજયોગ. આ બધાય યોગનું લક્ષ્ય એક જ છે. અને તે છે આત્માનું પરમાત્મા સાથેનું મિલન. બિન્દુનું સિન્ધુ સાથેનું મિલન. મનનું કોઇ પણ શુભ વિષય વસ્તુ સાથેનું મિલન.

**રાજયોગનું મહત્ત્વ:**–આમાં રાજયોગ ઘણો મહત્ત્વનો ગણાય છે. એનાથી જીવનનો સર્વાંગીણ વિકાસ થાય છે. અને શરીર તથા મન આ યોગની પ્રક્રિયાથી કેળવાય છે. અને ઈષ્ટની, લક્ષ્યની સિદ્ધિ થાય છે. વિષયોની ગ્રહણશક્તિ તીવ્ર બને છે, સ્મૃતિ–બુદ્ધિનો ખૂબ વિકાસ થાય છે. જીવન તેજસ્વી બને છે :

**રાજયોગનાં અંગ:**–રાજયોગનાં મુખ્ય આઠ અંગ છે. (૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયામ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધિ.

રાજયોગમાં મન ઉપર નિયંત્રણ મૂકવા યમ–નિયમની જરૂર પડે છે. પાંચ યમ અને પાંચ નિયમ છે.

**યમઃ**–(૧) અહિંસા (૨) સત્ય (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ.

**નિયમઃ**–(૧) પવિત્રતા (૨) સંતોષ (૩) તપ (૪) સ્વાધ્યાય (૫) ઈશ્વર પ્રણિધાન.

આ યમ–નિયમોના પાલનથી શરીરની આંતર–બાહ્ય શુદ્ધિ થાય છે. ચિત્ત શુદ્ધ રહે છે.

આસનથી શરીર તંદુરસ્ત, સુદૃઢ, પુષ્ટ અને સ્મૃતિયુક્ત બને છે. આસનો ૮૪ પ્રકારનાં છે. પણ તેમાંથી સિદ્ધાસન, પદ્માસન, અને સુખાસન મુખ્ય છે. શિવસૂત્રમાં આસનવિષે કહેવાયું છે કે : आसनस्थः सुखं ह्रदे निमज्जति ॥ ३/१६

આસનોથી શરીરની ભીતરની ૭૨ હજાર નાડીઓ શુદ્ધ થાય છે. ને શરીર સ્વસ્થ, સુંદર બને છે. પ્રાણાયામથી મન એકાગ્ર થાય છે. ઉપનિષદમાં કહેવાયું છે કે : "प्राणो ब्रह्मेति व्याजनात् ॥"

અર્થાત્ પ્રાણને પરમાત્મા સમજીને તેની ઉપાસના કરવી જોઈએ.

પ્રત્યાહારથી મન બાહરી વિષયોમાંથી હટી અંતર્મુખ બને છે. એકાગ્ર મનથી ઇષ્ટ, ધ્યેય, લક્ષ્ય ઉપર, વિષય ઉપર સુદૃઢ થાય છે. તે ધારણા છે. મનમાં ધારેલી એક જ વિષય–વસ્તુ ઉપર તલ્લીનતા થવી તે ધ્યાન છે. અને ધ્યાનની પરાકાષ્ઠા એટલે સમાધિ. યોગમાં ધ્યાનનું ઘણું મહત્ત્વ છે. પરમાત્માની સમીપતા, સાન્નિધ્ય પ્રાપ્ત કરવા માટે પારમાર્થિક ધ્યાનની જરૂર છે. લૌકિક સફળતા માટે વિષય પરના વિષયી ધ્યાનની જરૂર છે.

**યોગથી થતા લાભઃ**–યોગથી ચિત્ત સ્થિર થાય છે. મન પ્રસન્ન રહે છે. શરીરમાં તાજગી, સ્ફૂર્તિ રહે છે. બુદ્ધિ સતેજ બને છે. ચિત્તમાં સમતા આવે છે. શરીરની તત્ત્વશુદ્ધિ થાય છે. અને પ્રશાન્ત પરમાત્મ સ્થિતિ પ્રાપ્ત થાય છે. યોગથી આત્મબલ પ્રાપ્ત થાય છે.



પ્રાણ અને ચિત્તની સ્થિરતા, સમતાવડે મનુષ્ય વિદ્યુતવેગ કરતાં પણ અધિક વેગવાન બને છે. તે દરેક કાર્યમાં સફળ બને છે. અભ્યાસમાં તેજસ્વી બને છે. તે દરેક વિષયનું જ્ઞાન શીઘ્ર ગ્રહણ કરી તેમાં નિપુણ બને છે. અને પરમાત્માને પણ પામે છે. એટલા માટે ભગવાન શ્રીકૃષ્ણે પણ યોગીને પોતાનો આત્મા કહ્યો છે.

**ઉપસંહારઃ**–ચિત્તની સ્થિરતા માટે, શરીર અને મનને કેળવવા માટે, બુદ્ધિને સતે જ બનાવવા માટે, પરમ શાન્તિ અને સુખની પ્રાપ્તિ માટે, ભૌતિક કાર્યોમાં સફળતા માટે, અને જીવનની પૂર્ણતા માટે યોગની જરૂર છે.

શિક્ષણમાં યોગ ખૂબ જ લાભકારક છે. સંજીવની સમાન છે. શિક્ષણમાં યોગનો સમન્વય થતાં જીવનનો સર્વાંગીણ વિકાસ થાય છે. જીવન સફળ બને છે. યોગદ્વારા વિદ્યાર્થીના જીવનવિકાસની અનેક દિશાઓ ખૂલી જાય છે. તે કર્મમાં કુશળ બને છે. એટલે જ તો ભગવાન શ્રીકૃષ્ણે પણ શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે : "तस्माद् योगी भवार्जुन ।"

અર્થાત્–માટે હે અર્જુન, તું યોગી થા.

# પ્રેરક પ્રસંગો

ઝિંઝુવાડીયા કનૈયાલાલ

## કૃષ્ણભક્ત શ્રી બોડાણા

હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે,
જેની સૂરતા શામળિયા સાથ વદે વેદ વાણી રે.

માનવ ચેતના અને વિરાટ ચેતના જ્યારે એક થાય છે ત્યારે સર્જે છે ચમત્કાર. તે છે વ્યક્તિ અને વિરાટને જોડતો એક નાતો, આત્મા અને પરમાત્માનો અતુટ સંબંધ દર્શાવતો એક અનોખો ઈતિહાસ જે માનવમાં પરંપરાગત દંતકથા રૂપે માનવ હૈયામાં ધબકતો આવે છે.

આ ઈતિહાસ છે એક પદયાત્રિ ભક્ત બોડાણાનો અને રણછોડરાય ડાકોરવાસીનો. આ ઈતિહાસ જાણી એક અલૌકિક આનંદનો અનુભવ થાય છે. તેની આ વાત છે. પદયાત્રીઓના મહેરામણની ડાકોર તરફ વહેતી હેલીની પરંપરાની.

વાત સાવ સાદી, અનન્ય શ્રદ્ધાની, સમર્પણની અને ભક્ત બોડાણા નામે પદયાત્રિએ સર્જેલા ચમત્કારની છે. પ્રચલિત થયેલ દંતકથા પ્રમાણે ઘણાં વર્ષો પહેલાં બોડાણો ડાકોરથી દ્વારિકા ચાલીને દર્શને જતો. પહેલી નજરે જોતા સાવ સાદો પરગજૂ અને પરિશ્રમી માણસ લાગે. પણ ટેકવાળો ભારે. દ્વારિકાધીશનાં દર્શન કર્યા સિવાય મોઢામાં કોળિયો ના મૂકે. આમ વર્ષોના વહાણા વાયા. શરીર પણ વૃદ્ધત્વને આરે આવીને ઊભું છતાં બોડાણો જેનું નામ તે પૂનમ તો દ્વારકામાં જ કરે. જાણે કે સતયુગનું ઝરણું તેના હૃદયને હજુ ભીંજવતું હતું.



એક દિવસ કુદરતને કરવું અને બોડાણો બિમાર પડયો. મંદવાડના ખાટલામાં તેને જોઈ ઘરના સૌને ચિંતા થવા લાગી કે પૂનમ આવતા બોડાણાનું શું થશે? એક દિવસ સવારે વહેલો જાગી બધાને કહે, "મને દ્વારિકાધિશે સ્વપ્નમાં કહ્યું છે કે તેમને દ્વારિકાથી ડાકોર આવવું છે." સૌએ તેને હસી કાઢયો પણ આતો બોડાણો. તેણે લીધો તંબૂરો ને કરતાલ. ન જુએ દિવસ કે ન જુએ રાત. ગામના સૌ અકળાયા અને બોડાણાને ઘણો સમજાવ્યો કે દ્વારિકાધિશ તે કેવી રીતે ડાકોર આવે? ત્યારે ધીરજ આપતાં તે કહેતો કે, "મારાં પ્રભુની મૂર્તિ તો હાજરા હજુર છે અને સ્વપ્નમાં મારી સાથે વાત પણ કરે છે. એટલે જરૂર આવશે."

ગામના પાંચ ડાહ્યા માણસોએ દ્વારિકાધિશને મંદિરે જઈને પૂજારીને વાત કરી. સૌએ એક સાથે બેસીને નક્કી કર્યું કે બોડાણો એક શરતે મૂર્તિ લઈ જાય અને તે એ કે મૂર્તિના વજન જેટલું સવામણ સોનું બોડાણો મંદિરને બીજી મૂર્તિ બનાવવા આપે. સૌ અંદરોઅંદર બોલતા કે ગરીબ બોડાણો સવામણ સોનું ક્યાંથી લાવશે? અને અંતે લીધેલો તંત મૂકવો પડશે.

સવારનો પહોર, બોડાણો નાહીધોઈને ભજન કરવા બેઠો ત્યાં અંતરમાં ભગવાને અજવાળું કર્યું અને કહ્યું કે "મારી સવામણ સોનાની મૂર્તિ તારી સવા વાલની અંગુઠી જેટલી જ છે, તેના કરતાં ભારે નથી એટલે શ્રદ્ધા રાખી મૂર્તિનું વજન કરવા માટે વીંટી મૂકજે." બોડાણો તો ઉપડયો પૂજારી અને ગ્રામજનો પાસે વાત કરી.

દ્વારિકાધિશને ત્રાજવે બેસાડયા. સામે ત્રાજવે છે બોડાણાની

આખી જીંદગીની કમાણી, સવાવાલ સોનાની અંગુઠી. બધાની નજર સામે રણછોડરાયનું ત્રાજવું ઉંચકાયું અને પ્રભુ સવાવાલના થયા. (તા. ૧૨ એપ્રિલ ૧૯૯૩ નાં સંદેશનાં આધારે)

(આ પ્રસંગમાં બોડાણાની વીંટી વર્ણવેલ છે પણ ભજન પ્રમાણે બોડાણાનાં પત્નીની વાળી એટલે કે કાનમાં પહેરવાની સોનાની કડીનો ઉલ્લેખ છે બાલ્યાવસ્થામાં અમારા પિતાજી પાસેથી અમો આ ભજન વારંવાર સાંભળતાં જેનાં શબ્દો હાલ બરાબર યાદ નથી પણ કાંઇક નીચે પ્રમાણે છે.

ધન્ય ધન્ય ગંગાબાઈની વાળી, (સવાવાલ થયા વનમાળી.) ગમે તેમ હોય ચાહે બોડાણાની અંગુઠી (વીંટી) હોય કે તેમનાં પત્ની ગંગાબાઈની વાળી હોય પણ લોકવાયકા પ્રમાણે એક પલ્લામાં પ્રભુની પ્રતિમાં પધરાવેલ અને ત્રાજવાના બીજા પલ્લામાં જેવી ભક્ત બોડાણાએ કડી મૂકી કે સૌના આશ્ચર્ય વચ્ચે તરત જ કડી મૂકેલ પલ્લુ નમી ગયું. જે લોકો બોડાણાને ધૂની સમજતાં અને તેનાં સ્વપ્નાની વાત ન માનતાં આવાં લોકોએ દ્વારિકાધિશનાં પૂજારી સાથે મળી બોડાણાને ખોટો ઠરાવવા, પ્રભુની મૂર્તિની સામે જ તેટલા વજનનું સોનું મૂકવામાં આવે તો ખુશીથી બોડાણો દ્વારિકાધિશની મૂર્તિ ડાકોર લઇ જાય તેવું ગોઠવેલ. કારણકે સૌ સમજતા હતા કે બોડાણો સાવ કંગાલ છે અને તે પ્રભુની મૂર્તિનાં વજનનું સોનું ક્યાંથી કાઢે? પણ પ્રભુ ખૂબ જ દયાળુ છે તે સાચા ભક્તની લાજ કદિ જવા દેતો નથી.

શ્રી પુનિત મહારાજને રણછોડરાય ઉપર અટલ શ્રદ્ધા હતી. તેઓએ અનેક વખત અમદાવાદથી ડાકોર પગપાળા સંઘ કાઢેલ. આજે પણ અમદાવાદથી ઘણાં ભાવીક ભક્તો દર પૂનમે ચાલીને



ડાકોર પહોંચી રણછોડરાયનાં દર્શન કરે છે. ઘણાંનો તો આ નિયમ જ હોય છે. આમ સમગ્ર ગુજરાતમાંથી ઘણાં ભક્તો સંઘોમાં સામેલ થઇ પગપાળા ડાકોર પહોંચી પૂનમને દિવસે રણછોડરાયનાં દર્શન કરે છે. અનેક ભાવિક ભક્તો વાહનો દ્વારા પણ ડાકોર જાય છે. પૂનમને દિવસે ખૂબ મોટો માનવ મહેરામણ ડાકોરમાં ઉમટી આવે છે.

### ભગવાને ભોગ આરોગ્યો

એક સમયે શ્રીકૃષ્ણપ્રેમ, તેમનાં ગુરુ યશોદામાં, દિલીપકુમાર રોય તથા યશોદામાની પુત્રી મોતીરાણી બેઠા હતાં. પ્રસંગોપાત યશોદામા એક પ્રસંગ કૃષ્ણપ્રેમને દિલીપકુમાર રોયને જણાવાનું કહે છે. પણ કૃષ્ણપ્રેમ તે પ્રસંગ કહેવા માટે મોતીરાણીને સમજાવે છે તેથી મોતીરાણી શ્રીરોયને તે પ્રસંગ કહી સંભળાવે છે.

મોતીરાણીએ શ્રીરોયને સંબોધી કહ્યું : "સાંભળો દિલીપદા! તમને તો ખબર છે કે ભગવાનનો ભોગ બા જાતે તૈયાર કરે છે. અને આપણા મંદિરમાં રોજ ભગવાનને ધરે છે. એક વાર એવું બન્યું કે ભોગ ધર્યા પછી મંદિરના બારણાં બંધ કરી અમે બહાર આવ્યા ને રોજના અમારા નિયમ મુજબ ધ્યાનમાં બેસવાનું કરતા હતા, ત્યાં અચાનક કૃષ્ણપ્રેમને ચમકારો થયો, ને એ બોલ્યા 'ચાલ, જઇને જોઇએ કે ભગવાને કંઇ ભોગ આરોગ્યો કે નહિ!' મા આ સાંભળી માત્ર હસ્યાં, પણ મારા આનંદનો પાર ન રહ્યો! અમે ફરી અંદર ગયાં, અને જોયું તો વાહ!"

બોલતાં બોલતાં અટકીને લાંબો શ્વાસ લઇ એ બોલી : 'અમે બધાએ નજરોનજર જોયું, તેમ લાલજીએ (બાલકૃષ્ણ) આંગળાં વડે લાડુડી થોડી ખાધી હતી! અમે બધાં એનાં સાક્ષી છીએ, દિલીપદા! હું સોગનપૂર્વક તમને કહું છું!'

(આ પ્રસંગ દિલીપકુમાર રોયે તેમના ગુરુ શ્રી અરવિંદને જણાવેલ તેના પ્રત્યુત્તરમાં શ્રી અરવિંદ શ્રી રોયને આ પ્રસંગ પ્રમાણરૂપ ગણાવી લખે છે : 'આવા ચમત્કારો બની શકે છે અને બને છે. વધુમાં તેમણે જણાવ્યું કે એક વાત લક્ષમાં રાખવી જોઈએ કે આવા ચમત્કારો નિર્મળ હૃદયના અનન્ય ભક્તના હાથે ભોગ ધરાવાય ત્યારે જ બને છે.' શ્રી રોય જણાવે છે કે 'આઠ વરસ પછી મેં પોતે પણ પૉંડીચેરીમાં અને પછી પૂણેમાં પણ આવો ચમત્કાર અને બીજા પણ ચમત્કારો જોયા છે.)

**દિલીપકુમાર રોયનું ભજન સાંભળવા ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ પધારે છે.**

એક પ્રસંગ દિલીપકુમાર રોય નીચે પ્રમાણે વર્ણવે છે. 'મંદિરમાં અમે સંધ્યા-પૂજા શરૂ કરી ત્યારે મોતીરાણી બરાબર ઊમરા આગળ જ બેઠી હતી. કૃષ્ણપ્રેમ મારી ડાબી બાજુએ અને હરિદાસ (એલેકઝાંડર) જમણી તરફ બેઠા હતા.

એ સાંજ મારી જીવનયાત્રામાં એક સીમાચિહ્ન બની રહેવાની હતી. એવી એ મહામૂલ્યવાન સાંજે કૃષ્ણપ્રેમે મને 'વૃંદાવનેર લીલા' ગાવાનું કહ્યું, આ મારું ખૂબ જાણીતું ગીત છે, અને ગ્રામોફોનના પ્રતાપે હજી પણ લોકપ્રિય છે. પરંતુ એ સાંજે મેં ખૂબ જ ભાવપ્રવણ બનીને ગાયું. એવી રીતે મેં કદી ગાયું નહોતું. સમય જાણે થંભી ગયો હતો.

હવે છેલ્લી કડી પર આવતાં હું ભાન ભૂલી ગયો, અને મસ્ત આનંદનાં અશ્રુનો પ્રવાહ મારા ગાલ પર થઈને વહી ચાલ્યો. આ જ ધૂનમાં હું આગળ ગાતો રહ્યો, અને નિત્ય-વૃંદાવનમાં ચાલી રહેલી કૃષ્ણની રાસલીલાને કલ્પના કરી હસી નાખનારા



નાસ્તિકોને ફરી ફરી એમાં સંભળાવવા માંડયું. ફરી ફરીને લીટીઓ મેં જુદા જુદા આરોહ-અવરોહ (ઊંચા-નીચા આલાપ)થી બોલવા માંડી.

દુઃખ-બાદલે તો મારે જાનિ,
સુખ કિરણે તોમાય જાનિ;
બંધુ, વિરહે તોમાય જાનિ;
મધુ-મિલને તોમાય જાનિ;
આમિ જીવને તોમાય જાનિ;
સ્વામી, મરણે તોમાય જાનિ !

[દુઃખના વાદળમાં તને પામું છું, સુખના કિરણમાંયે તને જ પામું છું. હે પ્રિયતમ, વિરહમાં તને પામું છું, અને મધુર મિલનમાં પણ તને જ પામું છું, હું જીવનમાં તને પામું છું, સ્વામી, અને મરણમાંય તને જ પામું છું !]

ગીત પૂરું થયું ત્યારે ગાઢ નિસ્તબ્ધતા છવાઈ ગઈ. કોઈ એક અક્ષર બોલ્યું નહિ. નીરવ નિર્મળ શાંતિનો મધુર મોહક પ્રવાહ મારા મસ્તિષ્કમાંથી નીચે ઉતરી આવ્યો, અને વેધક પ્રકાશની પેઠે તેણે મારા અસ્તિત્વના અણુએ અણુને તરબોળ કરી નાખ્યું ! એ અનુભવનું વર્ણન કરવાના મારી પાસે શબ્દો નથી. થોડીવાર પછી મેં કૃષ્ણપ્રેમની સામે જોયું, તો એની આંખોમાં અશ્રુબિંદુ ચમકતા હતા. મોતીરાણી પોતાની આંખો અને ગાલ લૂછતી હતી.

એલેકે પહેલો શાન્તિનો ભંગ કર્યો (આ પ્રસંગ ઉપરથી એવું અનુમાન થાય છે કે આ બનાવ સુધી એલેકઝાંડરે, કૃષ્ણપ્રેમ પાસે સન્યસ્ત દીક્ષા નહિ લીધી હોય તેથી જ તેમને ટુંકમાં એલેક તરીકે સંબોધવામાં આવે છે.)

તેણે કહ્યું, 'ખબર છે, કૃષ્ણપ્રેમ, મા હાથ જોડીને વરંડામાં ઊભાં ઊભાં સાંભળતાં હતાં!

કૃષ્ણપ્રેમ ચમક્યા.

'મા? શું કહે છે! માંદગીમાં આટલું મોટું ચક્કર ફરીને એ અહીં આવે કેવી રીતે? પડી ન જાય?'

(આ પ્રસંગ દરમ્યાન યશોદામા બિમારીને ખાટલે હતા. ઉભા પણ નહોતા થઈ શકતા)

મોતીરાણી પણ ગભરાઈને બોલી ઊઠી. 'અને વરંડામાં થીજી જવાય એટલી તો ટાઢ પડે છે!'

એલેકે નિઃશ્વાસ નાખી કહ્યું, 'બહુ મોડી મારી નજર એ તરફ પડી! દિલીપનું ગીત પૂરું થયું અને એમણે પૂંઠ ફેરવી ત્યારે!'

'પણ આ કેમ ચાલે!' કૃષ્ણપ્રેમ વ્યાકુળ ભાવે બોલી ઊઠયા. 'આવી માંદગીમાં!...શરદી હાડમાં ઘર કરી જાય તો!'

ગભરાઈને અમે બધાં ઊભાં થઈ ગયાં, અને ઊમરો ઓળંગીને એક એકની પાછળ માના કમરામાં આવ્યાં ઊમરાને અડીને જ મોતીરાણી બેઠી હતી, એટલે મા લાંબું ચક્કર ખાઈને વરંડામાં આવેલાં એ દેખીતું જ હતું!

માના કમરામાં જઈને અમે જોયું તો તેઓ તેમની પથારીમાં જડવત્ બેઠેલાં હતાં, અને તેમના હાથ જોડેલા હતા. મીણબત્તીના પ્રકાશમાં તેમના ગાલ પર અશ્રુના બે રેલા દેખાતા હતા.

કૃષ્ણપ્રેમે ઠપકાનાં વેણ કહેવા માંડયા. 'મા તમે આવું કેમ—'

ત્યાં તો મોતીરાણીએ એમને વાર્યા. 'શ્ શ્! મા ભાવ-સમાધિમાં છે!'



અમે શ્વાસ થંભાવીને મૂંગા મૂંગા જોઈ રહ્યા.

થોડીવાર પછી માએ આંખો ઉઘાડી, આંખો આંસુમાં તરતી હતી. માએ મધુર સ્મિત કર્યું અને પછી મને પાસે બોલાવી એમની પડખે બેસવા કહ્યું.

આ પહેલાં કદી હું એમની પથારી પર બેઠો નહોતો, તેથી ખૂબ સંકોચ સાથે હું ત્યાં બેઠો. બીજાં બધાં નીચે સાદડી પર બેઠાં.

માએ એમનો પ્રેમાળ હાથ મારા ખભા પર મૂક્યો. પછી તેમણે વહાલથી પૂછ્યું. 'તને કંઇ દેખાયું, બાબા?'

હું આભો બની ગયો.

'દેખાયું? મને? ના! શું દેખાવાનું હતું? ઠાકુર!' માએ સહજ-ભાવે કહ્યું. 'ઠાકુર આવ્યા હતા, અને તારી બાજુમાં ઊભા હતા!'

મારી કરોડરજ્જુમાં એક ધ્રુજારી પસાર થઇ ગઇ.

'ઠાકુર એટલે કૃષ્ણ કહો છો તમે?' હું જેમ તેમ કરી બોલ્યો.

માએ સ્મિત કર્યું. 'કૃષ્ણ જ તો, બાબા! જ્યારે...' હવે અશ્રુ-પ્રવાહને લીધે એ અચકાતાં અચકાતાં બોલતાં હતાં. 'તું છેલ્લી કડી ઉથલાવી ઉથલાવીને ગાતો હતો તે વખતે એ આવ્યો ને પહેલાંતો મારા કમરામાં એક પળ ઊભો રહ્યો, અને પછી... પછી ઉમરો ઓળંગીને ગયો...' પણ એની પાછળ હું એ રસ્તે જઇ શકી નહિ એટલે મેં બીજો રસ્તો લીધો... ને વરંડામાં જઇ ઊભી...મેં...મેં જોયો એને નજરોનજર...ઉઘાડી આંખે! ઘણી વાર એવી રીતે જોઉં છું. તે નહિ જોયો એને?'

'ના, મા, પણ મને કંઇક એવું લાગ્યું—'

પણ મારા શબ્દો સાંભળ્યા ન હોય એમ માએ બોલવા માંડયું. 'તારી બાજુમાંજ... એ ઊભો હતો. હાજરાહજૂર. તારી સામે એવો પ્રેમથી. એ જોઇ રહ્યો હતો. અને મેં. મેં એને તારા વાસ્તે પ્રાર્થના કરી કે ઠાકુર, એના પર કૃપા કરો. એને દર્શન દો !... કે તમે જાતે અહીં એનું ભજન સાંભળવા આવ્યા છો એની એને ખબર પડે ! ધન્ય છે, ધન્ય છે, બેટા !'

મેં નીચા નમી માનાં ચરણ ચૂમ્યાં, અને રડયો.

(એવું કહેવાય છે કે પૂનાના તેમનાં નિવાસસ્થાને મંદિરમાં જ્યારે ભજન ગાવામાં તલ્લીન થઇ ગયાં હોય, તેમને પોતાનાં દેહનું પણ ભાન ન હોય એવા પ્રસંગે વારંવાર શ્રીકૃષ્ણ આવતાં અને તેમનાં પ્રત્યક્ષ દર્શન દિલીપકુમારનાં શિષ્યા ઇંદિરાદેવીને થતાં. ઇંદિરાદેવી તો હાલ પણ હયાત છે. પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ પણ ઇંદિરાદેવીની મુલાકાત લીધેલ. એવી જ રીતે ઇંદિરાદેવી ભજન ગાતાં ત્યારે પણ શ્રીકૃષ્ણ બાળસ્વરૂપે પધારતા એમ કહેવાય છે. શ્રી દિલીપકુમાર રોય લખે છે કે 'મારા જીવનમાં ઇંદિરા આવ્યા પછી અનેક ચમત્કારો બન્યાં છે.)


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ. ગુ.) ૩૮૫૧૧૦




# રામકથા

( ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

હનુમાને સહેજ સંકોચ સાથે શાંતિપૂર્વક કહ્યું : 'સુગ્રીવ આ સુંદર પ્રશાંત પર્વત પર લાંબા વખતથી વાસ કરે છે, અને હું પણ એમની સેવામાં રહું છું, તોપણ અમને એટલા બધા આનંદનો અનુભવ નથી થતો અને એટલી બધી શાંતિ પણ નથી લાગતી.'

'કારણ?' 'સુગ્રીવના પોતાના મનમાં ચિંતા, ભય અને શોકનું સામ્રાજ્ય છવાયેલું હોય ત્યાં મારાથી અથવા એમના કોઇક બીજા સ્નેહી, સ્વજન કે સેવકથી સંપૂર્ણ શાંતિ અને આનંદમાં કેવી રીતે રહી શકાય? અમારા મનમાં પણ એમને લીધે થોડીઘણી ચિંતા રહે એ સ્વાભાવિક છે. પોતાના પ્રિયજનની ચિંતા અને વ્યગ્રતાની અસર કોના પર ન થાય?'

'પરંતુ આ સ્થળ તો એકાંત, શાંત અને સુંદર હોવાથી કોઇને પણ નિશ્ચિત કરે તેવું તથા પ્રસન્નતા પહોંચાડે એવું છે. તે છતાં પણ સુગ્રીવના મનમાં ચિંતા, ભય તથા શોક છે તેનું કારણ? તેનું કોઇક કારણ તો હોવું જ જોઇએ.'

'કારણ કેમ ન હોય? એનું કારણ ઘણું જ ગૂઢ તથા મોટું છે. તમારો ને સુગ્રીવનો સમાગમ થશે અને બંને વચ્ચે સ્નેહનો સંબંધ પ્રસ્થાપિત થશે, એટલે એ કારણ એ આપોઆપ જ કહી બતાવશે. સ્નેહીજનો એકમેકના સુખે સુખી તથા દુઃખે દુઃખી બને છે અને એકમેકના સુખને વધારવા તથા દુઃખને ઘટાડવા બનતું બધું જ કરી છૂટે છે એવો નિયમ છે. એ કારણ વ્યક્તિગત હોવાથી તેનો નિર્દેશ હું કરું એના કરતાં એજ કરે, અને હું કરું તોપણ એમની અનુજ્ઞાથી એમની ઉપસ્થિતિમાં કરું એજ બરાબર છે.'

'હનુમાનનો પોતાના સ્વામી સુગ્રીવ તરફની વફાદારીનો ભાવ ઘણો

ઊંડો ને ઊંચો લાગે છે!' લક્ષ્મણથી બોલી જવાયું.

રામ એની સાથે સંમત થતા હોય એમ થોડીવાર શાંત રહ્યા ને પછી બોલ્યા : 'સુગ્રીવને કોઇ જાતનો વ્યાધિ તો નથી સતાવતો?'

હનુમાને હસીને કહ્યું : 'કોઇ જાતનો શારીરિક વ્યાધિ તો એમને નથી સતાવતો. એમનું શરીર સંપૂર્ણ સ્વસ્થ, સુદૃઢ અને સશક્ત છે. પરંતુ એમને માનસિક વ્યાધિ સતાવે છે એ સાચું છે.'

'એમને કોઇ દુશ્મનનો ભય તો નથી લાગતો?'

'એ એવા તો પરાક્રમી છે કે, એમના દુશ્મન બનવાનું સાહસ જ કોઇ ન કરી શકે. છતાં પણ બીજા બધાને હોય છે તેમ એમને પણ શત્રુ તો છે જ. એ શત્રુ બહારના નથી પરંતુ અંદરના છે. બહારના કરતાં અંદરના અને દૂરના કરતાં સમીપના શત્રુ જ વધારે બળવાન્ હોય છે. વધારે ભય એ જ ઉપજાવે છે અને ચિંતા પણ એ જ કરાવે છે. પરંતુ હવે એ તમને મળશે ને તમારી મિત્રતા મેળવશે એટલે એમની ચિંતા ઓછી થશે અને એ ભયરહિત બની રહેશે. મારું હૃદય એની સાક્ષી પૂરે છે. એ એવા પ્રતાપી છે કે તમારી સહાયતાથી સુખી થવાની સાથે સીતાને પાછી મેળવી આપી તમને સુખી કરવા માટે બનતું બધું જ કરી છૂટશે. એમને મળતાં વેંત જ એમની પ્રામાણિકતાની તમને ખાતરી થશે. એ તમારા મિત્ર બની જશે. એમનું આશ્રયસ્થાન હવે પાસે જ છે. પર્વત પરના એકાંત આશ્રયસ્થાનમાં એ ભયને લીધે જ વાસ કરે છે.'

રામ શાંત રહ્યા.

લક્ષ્મણને પણ કાંઇ બોલવાનું ન સૂઝયું.

પર્વતની પેલી તરફ દૂર દૂર નાનકડું નગર દેખાતું. એનાં મકાનો ઉત્તુંગ અને સુંદર હતાં.

એને લક્ષ્ય કરીને લક્ષ્મણને કુતૂહલપૂર્વક પૂછ્યું : 'આ નગર કોનું છે? પર્વતની તળેટીના પ્રદેશમાં વસેલું આખું યે નગર પર્વતની ટોચ પરથી અત્યંત મનોરમ લાગે છે.'

'એ છે તો સુગ્રીવનું.' હનુમાને એની ઓળખાણ કરાવતાં કહેવા



માંડયું : 'પરંતુ સુગ્રીવે અત્યારે કામચલાઉ વખતને માટે એનો ત્યાગ કર્યો છે. એ નગરમાં અખૂટ સંપત્તિ છે, અને આજુબાજુના બધા જ પ્રદેશમાં એ વ્યાપાર, વિદ્યા, વૈભવ અને વિલાસની દૃષ્ટિએ સર્વોત્તમ મનાય છે. એનું નામ કિષ્કિંધા છે.'

'એ શહેર કોના કબજામાં છે અને અત્યારે ત્યાં કોનું શાસન ચાલી રહ્યું છે?'

'વાલીનું.'

'વાલીનું?'

'હા. વાલી તથા સુગ્રીવ બંને ભાઇ છે.'

રામની વિચક્ષણ બુદ્ધિને એ વાત સમજતાં વાર ન લાગી કે વાલી તથા સુગ્રીવ વચ્ચેના કોઇ અણબનાવને લીધે જ સુગ્રીવે શહેર છોડીને પર્વત પર રહેવાનું પસંદ કર્યું હશે.

લક્ષ્મણે પણ એ હકીકતની કલ્પના કરી લીધી. છતાં પણ બંને મૌન રહ્યા. એટલી વારમાં તો સુગ્રીવનું આશ્રયસ્થાન આવી પહોંચ્યું. રામ અને લક્ષ્મણને બહાર બેસાડીને હનુમાને પર્વત પરની સુગ્રીવની એ વિશાળ ગુફામાં પ્રવેશ કર્યો.

થોડી જ વારમાં સુગ્રીવ હનુમાન તથા એના અન્ય પરિચારકો સાથે બહાર આવ્યો અને રામ–લક્ષ્મણને વિધિપૂર્વક સત્કારી, પ્રણામ કરીને બોલ્યો : 'હનુમાનદ્વારા તમારો પરિચય પામીને મને અતિશય આનંદ થયો છે. તમારા બંનેના દર્શનથી મારું જીવન સાચોસાચ ધન્ય બન્યું છે. તમારા રૂપમાં સાચું કહું તો મારું સદ્‌ભાગ્ય જ સામેથી ચાલીને મારી પાસે આવ્યું છે. તમને કયા શબ્દોમાં સત્કારું તેની સમજ મને નથી પડતી, છતાં પણ પ્રેમના કદી યે નહિ કરમાનારાં પ્રસન્ન પુષ્પોથી તમારું અંતઃકરણપૂર્વક સ્વાગત કરું છું.'

સુગ્રીવનો સ્નેહયુક્ત વિનય જોઇને રામ તથા લક્ષ્મણ પ્રસન્ન થયા. એમણે સુગ્રીવની પ્રશંસા કરી.

સ્નાન તથા ભોજનવિધિથી પરવારીને સૌ ગુફાની બહારના સુંદર

ઉદ્યાનમાં બેઠા, એટલે સુગ્રીવે સહાનુભૂતિનું પ્રદર્શન કરતાં કહ્યું : 'હનુમાને મને તમારી હકીકત સંક્ષેપમાં કહી બતાવી છે. તે સાંભળીને મારું દિલ દુ:ખી બન્યું છે. વનવાસની વિપત્તિને તમે શાંતિપૂર્વક વેઠી શક્યા હોત પરંતુ એમાં સીતાના હરણની આપત્તિ ઉમેરાઇ એના જેવી કરુણતા બીજી કશી જ નથી. મારું હૈયું એના વિચારથી હાલી ઊઠયું છે તો તમારે માટે તો એ આપત્તિ વજ્રપાત જેવી જ થઇ પડે એમાં નવાઇ નથી.'

રામનું હૃદય દ્રવી ને રડી ઊઠયું.

આંખમાં આવતાં આંસુને જેમતેમ કરીને રોકીને એ બોલ્યા : 'સીતા મારા જીવન, હૃદય અથવા પ્રાણ જેવી હતી. એના હરણથી મારી સમસ્ત શાંતિ હરાઇ ગઇ છે. મને કશું ચેન જ નથી પડતું. રાવણ એને હરીને કોણ જાણે ક્યાં લઇ ગયો છે તેની ખબર જ નથી પડતી. મારા શોકથી સંતપ્ત અંતરને શાંતિ આપે એવા એના કોઇ સમાચાર જ નથી મળતા.'

સુગ્રીવ થોડીવાર લગી કોઇક ઊંડા વિચારમાં લીન બની ગયો ને બોલ્યો : 'એના સમાચાર આપણે મેળવીશું. જરૂર મેળવીશું. મારામાં શ્વાસોશ્વાસ છે, ત્યાં સુધી તમારી સેવામાં તન, મન ને ધનથી તત્પર રહીશ. તમને શાંતિ આપવા બનતો બધો જ પુરુષાર્થ કરી છૂટીશ. એ વિના મને પણ શાંતિ નહિ વળે. આપણે મિત્રો થઇ ચૂક્યા છીએ, એટલે મિત્રધર્મને તથા મિત્રતાના સંબંધને સંપૂર્ણપણે નિભાવીશું. તમને વિશ્વાસ ન હોય તો આ પ્રજ્વલિત પાવકની સાક્ષીએ તમને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા કરું.'

સુગ્રીવે સામે જલતા અગ્નિની આગળ રામ પ્રત્યેની વફાદારીની પ્રતિજ્ઞા કરી ને બંને અગ્નિની સાક્ષીમાં એકમેકના મિત્ર બન્યા.

એ પછી સંતોષનો શ્વાસ લઇને સુગ્રીવે કહ્યું : 'સીતાના હરણની વાત સાંભળીને મારું મન તાજેતરની ભૂતકાળની એક ઘટનાનું સ્મરણ કરે છે. એ ઘટના તમને મદદરૂપ થઇ પડે એવો સંભવ છે. સીતાના હરણ સંબંધી એ ઘટનાથી કદાચ માહિતી પણ મળી શકે.'

રામે ઉત્સુક બનતાં પૂછ્યું : 'એ ઘટના કયી છે, સુગ્રીવ? જો એ સીતાના હરણ સાથે સંબંધ ધરાવતી હશે તો મારે માટે જરૂર આશીર્વાદરૂપ થઇ પડશે.'



'એક વાર મારા મંત્રીઓ સાથે કોઇક અગત્યના વિષય પર વિચારો-ની આપલે કરતો પર્વતના આ જ સુંદર સ્થાનમાં હું બેઠેલો, ત્યારે વાયુવેગી રથમાં બેઠેલી, કોઇ અધર્મીદ્વારા લઇ જવાતી, સુકુમારીના આક્રંદનો મેં અવાજ સાંભળ્યો. મેં ઉપર આકાશ તરફ દૃષ્ટિ કરી તો એ સુકુમારીએ મારા તરફ પોતાનું વસ્ત્ર નાખ્યું. એ વસ્ત્રમાં એના અલંકારો બાંધેલાં. એને બચાવવાની કશીક તૈયારી કરું તે પહેલાં તો એ આકાશમાર્ગે આગળ વધતો રથ ઋષ્યમૂક પર્વતથી દૂર નીકળી ગયો. એ સુકુમારીના ઘોર આક્રંદથી મારું હૃદય રડી ઊઠયું અને પેલા અત્યાચારીનો નાશ કરવા અધીરું બન્યું, પરંતુ બીજો કોઇ ઉપાય ન દેખાવાથી મારે લાચાર બનીને બેસી રહેવું પડયું. એ વખતે તો એ સુકુમારીને હું નહોતો ઓળખી શક્યો, પરંતુ હવે મને ખાતરી થાય છે કે, એ સુકુમારી સ્ત્રી બીજી કોઇ નહિ પણ સીતા જ હશે અને એને નીતિની બધી જ મર્યાદાને નેવે મૂકીને બળજબરીથી લઇ જનાર અધમાધમ પુરુષ રાવણ. ઈશ્વરે મને સીતાની રક્ષાની એ તક પૂરી પાડેલી, પરંતુ મારાથી એનો લાભ ન ઉઠાવી શકાયો. આજે મને એ હકીકતનું દુ:ખ થાય છે.'

'પરંતુ એ વખતે તો તમને સીતાનો અથવા અમારો પરિચય જ ક્યાં હતો? એ પરિચય તો હજુ હમણાં જ થયો.' લક્ષ્મણ બોલ્યો : 'એથી શું? આપત્તિમાં પડેલી પ્રત્યેક સ્ત્રીની રક્ષા કરવી એ અમારા જેવા પુરુષોનો ધર્મ છે. એ સ્ત્રી પરિચિત હોય કે અપરિચિત અને સાધારણ હોય કે અસાધારણ, એથી કાંઇ એના પ્રત્યેના કર્તવ્યમાં પ્રમાદી ન બની શકાય. છતાં પણ મારું ભાગ્ય એટલું મંદ કે મારાથી એની મદદે ન જઇ શકાયું. એ વખતની પરિસ્થિતિ જ એવી હતી કે કોઇ સક્રિય મદદનો વિચાર જ ન કરી શકાય. મારી જગ્યાએ બીજો કોઇ હોત તો પણ એ ભાગ્યે જ કશી મદદ કરી શક્યો હોત.'

'બળજબરી આકાશગામી, વાયુવેગી, રથમાં લઇ જવાતી સુકુમારીએ નાખેલું એ વસ્ત્ર તમે સાચવી રાખ્યું છે? એ વસ્ત્રને તથા અલંકારોને બતાવી શકશો?

રામની જિજ્ઞાસાના જવાબમાં સુગ્રીવે કહ્યું : 'જરૂર. એ વસ્ત્ર તથા આભૂષણ મેં સંભાળપૂર્વક રાખી મૂક્યાં છે. તમારી આગળ એમને રજૂ કરું છું. એમને જોઇને, એ સાચેસાચ સીતાનાં છે કે કેમ તેનો તમે નિર્ણય કરી શકશો.'

'બરાબર છે.' લક્ષ્મણે અનુમતિ આપી.

સુગ્રીવ ગુફાની અંદર જઇને થોડા વખત પછી બહાર આવ્યો.

સૌથી પહેલાં એણે રામની આગળ સીતાનાં આભૂષણ મૂક્યાં.

એ આભુષણ ત્રિવિધ હતાં : કેયૂર, કુંડળ અને નૂપુર.

એમને બતાવતાં સુગ્રીવ બોલ્યો : 'અમને પર્વત પર બેઠેલા જોઇને, કોઇક વાર પણ તમે આ બાજુ આવી પહોંચો તો તમને પોતાની માહિતી મળે એ ઉદ્દેશથી સીતાએ આ આભૂષણો નાંખ્યાં લાગે છે. તમે એમને ઓળખી શકશો.'

રામે લક્ષ્મણ તરફ દૃષ્ટિપાત કરીને પૂછ્યું : 'લક્ષ્મણ, આ આભૂષણ કોનાં છે તે તું કહી શકે છે? તું એમને ઓળખી શકે છે? એ સીતાનાં છે કે કોઇ બીજી સ્ત્રીનાં?'

લક્ષ્મણ એ આભૂષણોનું અવલોકન કરતાં બોલ્યો : 'સીતાનાં કેયૂર કે કુંડળને તો હું નથી ઓળખી શકતો. મેં એમને મારા આજ સુધીના જીવનમાં કદી ધારીને નથી જોયાં એટલે એ ખરેખર કોનાં છે એ મારાથી ન કહી શકાય. પરંતુ આ નૂપુર બીજા કોઇનાં નથી પણ સીતાનાં છે. એમને તો હું ઓળખી બતાવું છું. સીતાને રોજ પગે લાગવાની મને જે ટેવ હતી તેને લીધે મારી દૃષ્ટિ આ નૂપુર પર વારંવાર પડતી. એટલે એ સંબંધમાં મારાથી કોઇ ભૂલ થવાનો સંભવ જ નથી. નૂપુર સીતાનાં છે. એ સીતાએ જ નાંખેલાં છે, એટલે અનુમાન થાય છે કે, કેયૂર તથા કુંડળ પણ સીતાનાં જ હોઇ શકે, કારણ કે સુગ્રીવના કથનાનુસાર આ આભૂષણો એક જ સ્ત્રીએ નાખેલાં છે. એ સ્ત્રી બીજી કોઇ નહિ પરંતુ સીતા જ હતી એની આ નૂપુરની ઓળખાણ પરથી પ્રતીતિ થઇ.'

સુગ્રીવ લક્ષ્મણની નખશીખ નિર્મળતા જોઇને આભો જ બની ગયો.

એ લક્ષ્મણ તરફ ભારે આદરભાવથી જોઇ રહ્યો. (ક્રમશઃ)

## * ધ્યાનની સમજ *

ધ્યાન કોને કહેવાય એ પ્રશ્નના ઉત્તરમાં આપણે એટલું કહી શકીએ કે મનની બધીયે વૃત્તિઓ એક સાથે એકાગ્ર થઇને આપણી અંદર રહેલી પરમાત્માની ચેતનામાં મધુર ને સતત પ્રવાહના રૂપમાં વહેવા માંડે તે દશાને ધ્યાનનું નામ આપી શકાય છે. મન સાધારણ રીતે અનેક પ્રકારના બાહ્ય વિષયો ને વ્યવસાયોમાં ફર્યા કરે છે; તેની અંદર અનેક જાતના સંકલ્પો ને વિકલ્પોના પરપોટા ઉત્પન્ન થાય છે, ફેલાય છે ને ફૂટયા કરે છે. તેને લીધે સુખદુ:ખ, હર્ષશોક ને શાંતિ ને અશાંતિનો સતત અનુભવ થયા કરે છે. મનનું સ્વરૂપ વધારે ને વધારે મલિન, અસ્થિર ને ચંચળ થતું રહે છે. તે મનને સંકલ્પવિકલ્પથી રહિત કરી અથવા તો પરમાત્માની પ્રાપ્તિના તીવ્ર સંકલ્પથી ભરી દઇને પરમાત્માના પરમ પ્રેમથી પરિપ્લાવિત કરવાની જરૂર છે. પછી તેને પરમાત્મામાં જોડવાનો અથવા એકાગ્ર કરવાનો અભ્યાસ શરૂ કરવાનો છે. એ અભ્યાસ આગળ વધે ને મન પોતાની બધી શક્તિ ને ચેતના સાથે પરમાત્મા તરફ એકાકાર કે એકરૂપ થઇને વહેવા માંડે ત્યારે ધ્યાન થયું એમ કહી શકાય. ધ્યાનની એ અવસ્થાને સરખાવવી હોય તો સાગરની પાસે પહોંચવા માગતી સરિતાની સાથે સરખાવી શકાય.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * પ્રમાદનો ત્યાગ *

સાચું છે. સ્વાધ્યાય, પ્રવચન કે સત્સંગમાં રસ લેનારને માટે આજે નહિ તો કાલે કે કોઈ વાર પણ સુધરવાની ને જીવનના વિકાસ માટે તેની મદદ મેળવીને પોતાની કાયાપલટ કરવાની તક છે. પરંતુ જેને તેનો રસ જ નથી ને જે તેનો લાભ લેતા જ નથી ને તેથી દૂર ને દૂર રહે છે, તેને માટે તેવી તક જ ક્યાં છે? જીવનના વિકાસને માટે બીજી જરૂરી વસ્તુ પ્રમાદનો ત્યાગ છે. પ્રમાદ બધા સંજોગોમાં ત્યાજ્ય છે ને માણસે તેથી દૂર રહેવું જોઈએ. પુરુષાર્થપ્રિયતા જીવનમાં અત્યંત આવશ્યક છે. જીવનનો તે ખૂબ મોટો ને જરૂરી ગુણ છે. જીવનને સમૃદ્ધ કરવા માણસે એદી ને આળસુ નહિ પણ પુરુષાર્થી થવાની જરૂર છે એ વાત આ અનુવાકમાં સ્પષ્ટ કરવામાં આવી છે. પુરુષાર્થી થવાની સાથેસાથે માણસનો પુરુષાર્થ ખોટે રસ્તે ન ચડી જાય, વેડફાઈ ન જાય, તેમ જ તેને કે બીજાને નુકસાનકારક ન થાય, તેનું પણ ધ્યાન રાખવાનું છે. એ માટે શક્તિની સાથે બુદ્ધિ કે વિવેકનો સમન્વય થવાની જરૂર છે.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાન:–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧